ત્રણ રત્નો.

રત્ન ૧ લું,

જગતશેઠનું ઝવેરાત અને છુપી પોલીસ છેતરાઇ.

રત્ન ૨ જું,

એક નાની સંગ્રહપેટી.

રત્ન ૩ જું.

કામજીતેન્દ્ર વિજયાવિજય.

પ્રકાશક,
ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ
પ્રયોજક, વાર્તાવારિધિ,—અમદાવાદ.

પ્રસ્તાવના.

પ્રત્યેક પ્રજાની ઉન્નતિના ઇતિહાસમાં ' ભાષાસાહિત્ય ' ઘણોજ અગત્યનો ભાગ ભજવે છે; અને તેમાં પણ જનસમૂહઉપર મુખ્યત્વે કરીને દૃઢ અસર કરનાર તો નીતિવર્દ્ધક Light Literature (સાધારણ વાર્તાઓ, નાટકો, વગેરે) ના ગ્રંથોનો સર્વદા દિન પ્રતિ દિન થયે જતો વિસ્તાર જ હોય છે. ફિલસુફી અને ઇતિહાસ, તથા કાવ્ય અને નિબંધનાં ગહન પુસ્તકો નહિ સમજાઇ શકવાથી બાજુઉપર પડી રહી, સાધારણ જ્ઞાન અને બુદ્ધિનાં મનુષ્યો—એટલે પ્રજા મંડળનો એક ઘણો મોટો ભાગ—સામાન્ય રીતે પોતાને રસ પડતી અને આનન્દ આપતી વાર્તાઓની ચોપડીઓ ઘણીજ ખુશી અને ઉત્સાહથી વાંચે છે: પરિણામ એ થાય છે કે જ્યારે પ્રજાસમુહઉપર તાત્કાળિક અસર કરવાની જરૂરિયાત જણાય છે ત્યારે ઉપર સૂચિત સૂત્રને અનુસરીનેજ પ્રયત્નો કરવામાં આવે છે. અત્યાર સુધીના જગતના ઇતિહાસ ઉપરથી પણ સારી રીતે સિદ્ધ થઇ શકશે જ કે જનમંડળના ઉપર સામાન્ય અસર કરનાર-સાધારણ લોકો વાંચી સમજી શકે એવી-વાર્તાઓ અને નાટકોજ છે. વળી પ્રજાવર્ગનો ઘણો ભાગ સાધારણ કેળવણીથીજ સંતુષ્ટ રૂહે છે; તેને વધારે ઊંચા પ્રકારનું જ્ઞાન પોતાના ઉદ્યોગની પ્રવૃત્તિને લીધે સામાન્યરીતે સુસાધ્ય છેજ નહિ. તેથી તથા તેવું જ્ઞાન પ્રાપ્ત કરેલું હોય તો પણ આખા દિવસની મહેનત પછીના વિશ્રાન્તિના સમયમાં સાધારણ નિયમ પ્રમાણે મનુષ્યો ગહન વિષયોના મહાન્ ગ્રંથો કરતાં તાત્કાળિક સુખ અને ગમ્મત આપતી સાદી, સારી સારી વાર્તાઓની ચોપડીઓને વધારે પસંદ કરે છે, એ સિદ્ધજ છે.

હવે અહિં આપણે એટલું જ જોવાનું કે એટલી મોટી અસર લોકોના ઘણા મોટા વિભાગ ઉપર કરનારાં પુસ્તકો તેમના હાથમાં મૂકવા લાયક છે કે નહિ ? ઘણા વિદ્વાનો Sansational—મનોવેધક, લાગણીઓને વ્યાકુળ કરે એવી ચોપડીઓને પણ અનીતિવાળાં પુસ્તકોની સાથેજ સામેલ રાખી,

ધિક્કારે છે. અનીતિ પ્રચલિત કરતા ગ્રંથો તો હમ્મેશાં બંધ જ થવા જોઇએ; અને તેને માટે સબળ કારણો પણ છે; પરન્તુ મનોવેધક પુસ્તકોના સ્વીકારને માટે હજુ કાંઇ પણ નિર્ણય થયેલો નથી અને સામાન્યરીતે હાલતો તેમ થઇ શકે તેમ પણ નથી. તોપણ તે બંને પ્રકારના ગ્રંથોને દૂર કરી, નીતિમય અને ગમ્મત ઉપજાવે એવાં નિર્દોષ વાર્ત્તાઓનાં ઘણીજ ઓછી કિમ્મતે લોકોને અપાઇ શકાય એવાં પુસ્તકો બહાર પાડવાને અમારો ઘણા વખતથી આશય હતો અને આજ તેનો પ્રથમ પ્રયાસ ગુર્જર બન્ધુઓ સમક્ષ મૂકી શકાય છે તેથી તે અમને તો ખરેખરો આનંદ ઉપજાવ્યા વિના રૂહે, એમ છેજ નહિ.

આ પુસ્તકમાં આપેલી ત્રણ વાર્ત્તાઓમાંથી પ્રથમ બે, ઇંગ્રેજી વાર્ત્તાઓના અનુકરણરૂપ છે; અને ત્રીજી, જૈનબન્ધુઓના ધર્મ-સાહિત્યમાંથી લીધેલી આખ્યાયિકારૂપ છે. ત્રણે વાતો કોઈપણ મનુષ્યને ગમ્મતસાથે જ્ઞાન ઉપજાવ્યા વિના રૂહે તેમ નથી. આ **ત્રણે વાર્ત્તા—રત્નો** અમને બહાર પાડતાં જે આનંદ થાય છે તેનાથી પણ વિશેષાધિક આનુંદ આપવાનું સુજ્ઞ વાચક. ગ્રાહકોના હાથમાંજ છે અને તે એ છે કે તેમણે સર્વેએ આ વાતોનો યોગ્ય સ્વીકાર કરવો અને આવી વાતોની પ્રસિદ્ધિ જરૂરની છે કે નહિ તે તથા કાંઇ સુધારા વધારાની આવશ્યકતા હોય તો તે વિશે તેમના પોત પોતાના વિચાર અમારા ઉપર લખી મોકલવાની કૃપા કરવી.

આ ત્રણે વાતો “ રાજપત્રિકા ”—સાપ્તાહિકમાં પ્રથમ પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

પ્રકાશક.

परोपकाराय सतां विभूतयः ।

સદ્‌ગુણસંપન્ન, વિદ્યોત્તેજક, પરોપકારી,

શ્રીમાન્ શેઠ મણિલાલ રણછોડલાલ,

અમદાવાદ.

શ્રીયુત મહાશય !

દેશોત્કર્ષ, દેશ-સમાજ સુધારણા માટે બહોળા **સ્ત્રીશિક્ષણની** આવશ્યકતા છે એમ ઘણા **કહે છે, ધર્મ ધર્મ** એમ **કહ્યા કરે છે,** લોકોપયોગી **મૂંગાં પ્રાણીઓનું** રક્ષણ થવું જોઇએ એમ ઘણા લોકો **બૂમો પાડે છે;** પરંતુ આપ, કેવળ તેવા **વૃથા શબ્દપરોપકારને** બદલે આ પ્રકારનાં તથા અન્ય **વિવિધ સત્કાર્યો** ભિન્ન ભિન્ન પ્રસંગે **કરી,** આપની **ખરી પરોપકાર વૃત્તિ** તથા **દેશોન્નતિની ઉચ્ચ લાગણી** બતાવતા રહ્યાછો-અને લગભગ રૂ. ૨૨૦૦૦ જેટલી મોટી રકમ આપે તેવાં અનેક પ્રકારનાં મહાન્ કાર્યોમાં અત્યાર લગીમાં વાપરી કહેવા કરતાં કરી બતાવ્યું છે-તેના એક **અલ્પ સ્મારક** તરીકે આ પુસ્તક હું આપને અર્પણ કરૂંછું. તે સ્વીકારશો.

લિ. સેવક,

ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ,

પ્રકાશક.

ત્રણ રત્નો.

રત્ન ૧ લું,

જગત્શેઠનું ઝવેરાત

અથવા

છુપી પોલીસ છેતરાઇ.

જગતશેઠનું ઝવેરાત;

અથવા

છુપી પોલીસ છેતરાઈ!

" જગતશેઠ, ઔરંગાબાદ "—એ નામનું કાર્ડ એક ભાડુતી વિક્ટોરિયા (બગી) વાળાએ રતીલાલ નામના ખાનગી ડિટેક્ટિવ (છુપી પોલીસનું કામ કરનાર)ના હાથમાં લાવી મૂક્યું. રતિલાલ, જે પોતાની ઑફીસમાં એક આરામ ખુરશીઉપર પડયો પડયો બીડી પીધા કરતો હતો તે, આ કાર્ડ જોઇ ચમક્યો, જાગ્રત થયો અને પછી જરા વિચાર કરતો હોય એમ મનમાં ને મનમાં બબડયો, " જગતશેઠ? હા. હા. ઠીક, એતો પેલો ઔરંગાબાદનો શેઠિયો, જે પ્રાચીન લેખો વગેરેની શોધમાંજ પડયો રહેછે તે જ હશે. પરન્તુ એ અહિં કયાંથી?—પણ હા. કાશ્મીરતરફ કાંઇક નવા લેખ જમીન ખોદતાં જડયા છે, અને તે જોવાને એ ત્રણેક દિવસમાં જવાનો છે એમ પેપરમાં વાંચ્યું હતું ખરૂં."

" શેઠ, બ્હાર ઉભા છે, સાહેબ! " તે ગાડીવાળાએ કહ્યું.

" ત્યારે તેમને અંદર મોકલોને, " રતિલાલે જવાબ આપ્યો, અને અંદર આવતા તે શેઠિયાસાથે " શેક હેન્ડ " કરી, તેને એક સારી ખુરશી ઉપર બેસાડયો.

જગતશેઠ દેખાવે ઠીંગણો હતો, તેણે કાશીશાઇ (ધારની) સફેદ પાઘડી માથે પ્હેરી હતી તથા આખું શરીર એક મોટા ખુરાનકોટથી ઢાંકી દીધું હતું. આંખે સોનેરી ભૂરાં ચશ્માં પ્હેરેલાં હતાં, અને પગમાં ઉંચી કિમ્મતનાં વિલાયતી બૂટ ચળકયા કરતાં હતાં. તેણે મ્હોયે મોટા થોભિયા રાખેલા હતા તથા કપાળે એક ઘાટદાર ત્રિપુંડ તાણેલું હતું.

"રતિલાલ આપનુંજ નામ?" તેણે પૂછ્યું. "હાજી," તે ડિટેક્ટિવે જવાબ દીધો, " મારા સરખું કાંઇ કામકાજ હોયતો ફરમાવો; સેવક હાજરજ છે."

" ઠીક, ત્યારે. મને વધારે નવરાશ નથી. હું આજ સાંજની ટ્રેનમાં

એક લાંબી મુસાફરી ઉપર જાઉં છું."

"હા જી." રતિલાલે જવાબ દીધો, "આપ કાશ્મીરતરફ જવાના છો, એમ મેં સાંભળ્યું હતું."

"હેં !" જગતશેઠ આશ્ચર્ય પામતો હોય તેમ બોલી ઊઠયો, "ખરેખર! એ પણ તમે જાણી ગયા? નક્કી તમારા ડિટેક્ટિવોથી કાંઇ પણ વાત છુપી રાખવી અશક્યજ છે."

રતિલાલે પોતાને શી રીતે ખબર મળી હતી તે જણાવ્યું નહિ; તેણે માત્ર માથું નમાવ્યું.

"ઠીક, ત્યારે, મી. રતિલાલ! મારે પણ તમારી પાસે મારી મુસાફરીને લગતી બાબતને માટેજ આવવું પડયું છે. મારી 'વાઇફ'—મારી સ્ત્રી—શેઠાણી કુંજલતા મારા કરતાં નાની—ઘણી નાની ઉમ્મરની છે! વળી, ખરૂં કહેવડાવો તો, શેઠાણીને પ્રાચીન લેખોના શોધની કાંઇપણ કિમ્મત નથી, તેમ તેને તેમાં કાંઇ રસ પણ પડતો નથી, તેથી ઘેર રહેવાની છે. તેને જરા ગમ્મત તથા મોજશોખ વધારે પસંદ છે,–પણ તેમાં કાંઇ હું તેનો દોષ કહાડતો નથી; પરન્તુ, જ્યારે કોઇ માણસ જાણે છે કે તેની સ્ત્રી તેના કરતાં ઘણી નાની છે, અને વળી તે તેને કેટલોક વખત એકલી મૂકી દૂર–દેશાવર તરફ જવાની તૈયારીમાં છે, ત્યારે તેને પોતાની 'વાઇફ' વિશે ઘણીજ ખાત્રી તો—હેં!" સેઠે જરા વક્રોક્તિસૂચક મ્હોં મલકાવ્યું.

તે ડિટેક્ટિવ ખુરશી ઉપર પડયો પડયો પોતાના બંને હાથ ઉપર માથુ ટેકવી બધુંયે લક્ષપૂર્વક સાંભળ્યા કરતો હતો, તે મનમાં બબડયો,–" અદેખાઇ !" વળી જાણે મહા મોટા વિચારમાં પડયો હોય એમ દેખાવ કરી, "ખરેખર, વ્હેમ અને અદેખાઇજ અમારા ડિટેક્ટિવોની ઘંટીને દયણું પૂરૂં પાડે છે.!"—મનમાં બોલી, લક્ષપૂર્વક સાંભળવાનો ડોળ કરી, તેણે માથુ હલાવ્યું.

"આવી તેવી વાતો હોઠ બ્હાર કહાડવી, એ જરા–બહુ કઠિન થઇ પડે છે," શેઠે કહ્યું. "અમને ડિટેક્ટિવોને ઘણી ઘણી પ્રકારના–વિચિત્ર કેસોનો પણ અનુભવ મળે છે," રતિલાલે કહ્યું; "તેથી આપે ખાત્રી રાખવી કે આપ જે કહેશો તે હમ્મેશાં છુપુંજ રાખવામાં આવશે."

જગતશેઠને કાંઇક ખાત્રી થઇ હોય એમ દેખાયું.

"ઠીક," તેણે જણાવ્યું, "ત્યારે, સાંભળો. હું શેઠાણીની ચાલ ર.૯.૭.તઉપર નજર રાખવાને ઇચ્છું છું, અને તે કામ સારૂં તમને રોકવાનો

મારો ઇરાદો છે—હું તમને દર મહિને સો રૂપિયા આપીશ. કહો ત્યારે, કહો તમે આ કામ માથે લેશો ?" રતિલાલ વિચારમાં પડયો હોય એમ જણાયો; થોડી વાર વિચાર કર્યા પછી તેણે કહ્યું, "આ જરા વિચિત્ર અને ઘણીજ સંભાળથી કરવા જેવું કામ છે; પ્હેલું મારે એટલું તો જાણવુંજ જોઇએ કે તમને કોઇના ઉપર શક છે ? "

"માત્ર કાંઇકજ," શેઠે જવાબ દીધો; "શેઠાણીના એક મામાનો છોકરો પ્રણુંખરૂં અમારે બંગલેજ રહેછે, અને હમણાં હું પરદેશ જાઉંછું, એટલે તો વખતે તે ત્યાંજ પણ રહે."

"ઠીક, પણ શેઠાણીના મનમાં કોઇ પણ પ્રકારનો શક ઉત્પન્ન થવા શિવાય હું ત્યાં રહી કેવી રીત્યે તપાસ રાખીશ. ? "

" આહા ! હાહા ! " આ શંકાશીલ માણસ ખડખડાટ હસી પડયો; " અરે, ત્યાંજ મારી ગોઠવણની ખુબી છે તો. હું તમને મારા ઔરંગાબાદના શાન્તિસદન–બંગલામાં ખાસ રહેવાનેજ મોકલું છું, કે વખતે મારી ગેર-હાજરીનો લાભ લઇ કોઇ લૂંટારા કે ચોર ધાડબાડ પાડે તો તમે કામમાં આવો. દહાડે અથવા રાતે બંગલાના કોઇ પણ ભાગમાં જવા આવવાની–ગમે તે તાળુ અથવા કળ ઉઘાડવાની–તથા ગમે તે વખતે બંગલામાં, અથવા બંગલાની બહાર ફરવા જવાની હું તમને રજા આપું છું. એટલે સમજ્યા ને?–તમે તપાસ કરી શકશો."—

તે ડિટેક્ટિવે આ બધી ખટપટના દાવ પેચ પ્રથમથીજ થઇ ગયાથી પોતાની મહેનત ઓછી થતી જોઇ, અને તેથી જરા ખોટું લાગ્યું હોય તેમ, સ્વાભિમાનથી બોલ્યો, " એ બધું કહેવામાં તો ઠીકજ છે તો, પણ કરતી વખત તેમાંથી હજાર ફણગાં ફૂટશે. "

" હાસ્તો. પણ ત્યારે તમારી પાસે શું કામ આવ્યો હોઇશ ? મને ખાત્રી છે કે તમે ગમે તેવી હરકત હશે તોપણ તે દૂર કર્યા વિના રહેશો નહિજ. હું મુંબાઇથી આજ જાઉં છું; તમે કાલે ઔરંગાબાદ જશોને ?"

" હા. હું ધારૂં છું કે હું જઇ શકીશ. અને તમે શેઠાણી કુંજલતા ઉપર એકાદ ચીઠ્ઠી લખી આપશો તો ઠીક પડશે. "

" નારે ના. મને એ બાબત તમારા કરતાં વધારે માહેતી છે. એમ કહેજો કે ઠેઠ ઉપડતી વખતજ મેં તમારી સાથે ગોઠવણ કરી. "

" પણ કદાચ આપનાં વાઇફ (પત્ની)—"

"મારી વાઇફ તો મારી કાળજીને—તેને વિશેની ફિકરનેમાટે ઉલટી આભારી અને ખુશી થશે. હુ 'મેઇલ'માં જાઉં છું. આજના પેપરમાં કદાચ તમે મારૂં નામ પણ કાશ્મીરજનારા તરીકેનું વાંચશો. તમારે કાંઇ પ્રથમથીજ ખર્ચને માટે જોઇશે? એમ હોય તો આ પચીસ રૂપિયાની નોટ સ્વીકારવાની મહેરબાની કરશો."

"થેન્કયું—મોટો આભાર થયો, શેઠસાહેબ! જો કે તેની કાંઇજ જરૂર નહોતી. પણ મને લાગે છે કે, જો તમે તમારાં 'વાઇફ' '(પત્ની)'—ઉપર એકાદ ચિઠ્ઠી આપી હોત તો વધારે સારૂં."

"નારે ના. એ બાબત હું વધારે જાણુંછું. પણ જો તમે નજ જઇ શકો તેમ હોય તો—"

"ના. ના. મારાથી ન જવાય એવું હાલ કાંઈ કામ નથી; પણ—"

"મારા સાહેબ! તમારૂં 'પણ' તો થોડા વખતઉપરજ મેં બંધ કર્યું છે, એમ હું ધારૂંછું; હવે તમે કાલેજ જાઓ. ખરેખરી જાગૃતિનું કામ છે. જોજો, મી. રતિલાલ! તમારી આંખમાં કોઇ ધૂળ ન નાંખી જાય; સંભાળજો!"

તે ડિટેક્ટિવે પોતાની શક્તિનું સૂચન કરતું, એવી તો રીતે મોં મલકાવ્યું કે તેથી જગતશેઠઉપર પણ જાણે કાંઇ મોટી અસર થઇ ન હોય એમ, તેણે પણ મોં મલકાવ્યું.

"એ તો ઠીક. પણ, સાહેબ! એક વાત પૂછવાની રહી ગઇ છે; હું તમને કયે ઠરનામે લખું?"

"અરે! ફિકર નહિ કરતા; એ બાબત હું સઘળી—જોઇતી ગોઠવણ કરીશ."

"હા. હા. ઠીક. ત્યારે તો આપ મારાઉપર 'ઠરનામું' લખી મોકલશો."

"આહા!" જગતશેઠ ખડખડાટ હસી પડયો, "હું જ્યારે આવવાનો હોઇશ ત્યારે તમારા ઉપર તાર કરીશ."

"આપ પાછા આવવાના છો?"

"હાસ્તો. જાઓ, મારાભાઇ! તમે એટલુંયે સમજી શકતા નથી કે આ મુસાફરીએ જવાનો તો બધો મારો ઠોંસજ છે. હું અહિંથી તો આજ સાંજે 'બી બી.' રેલ્વેમાં જરૂર ઉપડી જઇશ પણ જે સ્ટેશનેથી બનશે ત્યાંથી જી. આઇ પી. ને રસ્તે પાછો તરત મુંબાઇમાં એકાદ પખવાડિયામાં તે

આવીને ઉભો રહીશ."

ડિટેક્ટિવ જરા નિરાશ થયેલો દેખાયો; આ શેઠિયો તો ધાર્યા કરતાં પણુ વધારે પકકો નીકળ્યો. એકજ પખવાડિયું !—ખરે, તેણેતો પોતાના મનમાં છ એક મહિનાનું કામ નીકળ્યાનુંજ ધાર્યું હતું.

"હું મુંબાઇથી તમને તાર કરીશ અને વેશ બદલીને ઔરંગાબાદ ચાલ્યો આવીશ. હું જાણી જોઇને જરા મોડોજ આવીશ; એટલે બધા ચાકર નફર સુઇ ગયા પછી તમે દરવાજો ઉઘાડી મને તમારા ઓરડામાં દાખલ કરજો. પછી ત્યાં નિરાંતે આપણાથી વાતો પણ થશે, અને બનેલી બધી નવાજુની મને તમે જણાવી શકશો; વળી, પછી પાછી જરૂર પડશે તો બે ત્રણ મહિના હું પાછો છાનોમાનો કાશ્મીરભણી જઇ આવીશ અને તમે બધી તરેહની તપાસ રાખી શકશો. ઠીક. ત્યારે, સાહેબજી, મી. રતિલાલ ! કોઇપણ વખત મને પાછો આવ્યાનું સાંભળીને આશ્ચર્ય પામતા નહિ. સાહેબજી !"–કહી જગતશેઠ ચાલતો થયો.

"ખરે!" રતિલાલે વિચાર કરવા માંડયો, "ખરેખર ! મને તો ગોખણિયા પોપટિયા પંડિતો અને પ્રાચીન લેખ વગેરે શોધવાનો લવારો કરનારા પોથાં ઘોથાંવાળા દાંભિકો ઉપર ખરેખરો તિરસ્કારજ હતો; પણ આ માણસની બુદ્ધિને તો પુરાતની લેખોનો જરાયે કાટ લાગેલો જણાતો નથી. નહિ, આ શેઠ તો ડિટેક્ટિવ થવાનેજ લાયક છે; અને જ્યારે શેઠાણી જાણતાં હશે કે જગતશેઠ ભૂતકાળનું સાહિત્ય ખોળવામાં ગુંથાયા છે, ત્યારે ખરે ! આ સાહેબની નજર તો ચોતરફ વ્યાવહારિક વર્તમાનઉપર પણ ફરતીજ દેખું. વળી; કાશ્મીરની મુસાફરીનો વિચાર પણ ઉમદાજ છે!–પણ એ જરા વિચિત્ર માણસ તો જણાય છેજ; કારણ, બીજાં માણસો જે વાત 'જાણી ન જાણી' કરવા ચાહે છે, તે ખોળી કૂડાવવામાંજ એને ગમ્મત મળતી દેખાય છે. ગમે તેમ હો. મારું કામ મારાં 'ઘરાકો' ના હેતુ શોધી કૂડાડવા કરતાં, જે કામ કરવા મને રોકયો હોય તેમાં વધારે લક્ષ દઇને તપાસ કરવાનું છે."

તેણે પછી પોતાના કારકુનને બોલાવી, પોતાની પાસે જે જે અપૂર્ણ રહેલાં કામ હતાં તેમાં જે જે કરવાનું બાકી રહ્યું હતું તે બાબત યોગ્ય સૂચનાઓ આપી; અને તેને જણાવી દીધું કે "જો મારું બહુજ અગત્યનું કોઇને કામ હોય તો, "ઔરંગાબાદ, શાન્તિસદન"–નામનો તાર કરીશ એટલે હું જ્યાં હોઇશ ત્યાં મને તે મળી રહેશે."

*   *   *   *   *

બીજે દિવસ સ્હાંજે રતિલાલ એક ભાડુતી સિગ્રામમાં બેશી 'શાન્તિસદન'-બંગલા આગળ આવી પ્હોંચ્યો. પોતાનું નામ અગર ધંધો પુછતાં, તે જણાવવાની ના કહી તેણે દરવાનને 'શેઠાણીનું કામ છે,' એમ જણાવ્યા ઉપરથી તે જરા ખંચકાયો તો ખરો; પણ પછી અંદર જઇ, કેટલીક વારે બહાર આવી, તેને એક નાની કોટડીમાં તે લઇ ગયો, જ્યાં એક બાવીએક વર્ષનો કદાવર યુવાન તેની રાહ જોતો બેઠો હતો.

"તમારે શેઠાણીસાહેબનું કામ છે?" તે યુવાને પૂછ્યું, અને તેને જોતાંજ રતિલાલે મનમાં અડસટ્ટો બાંધ્યો કે 'આજ શેઠાણીના ભાભાનો છોકરો!' "પણ તમે તમારું નામ નિશાન કાંઇજ બતાવ્યું નહોતું તેથી શેઠાણીએ તમારે શું કામ છે તે પૂછવાને મને મોકલ્યો છે. માટે, હવે મને કહેશો કે તમારે શું કામ છે!"

"મારા કામનું સ્વરૂપજ એવું છે," રતિલાલે કહ્યું, "કે મારું નામ તથા ધંધો, ચાકર નફરના જાણવામાં ન આવે તો સારૂં;-એમ ધારીનેજ મેં કહાવ્યું નહોતું. તમને કહેવાની તો કાંઇજ હરક્ત નથી; આ રહ્યું મારૂં કાર્ડ'. જરા તે લઇ જઇને શેઠાણી સાહેબને મારું નામ જણાવશો તો હું આપનો આભારી થઇશ. એમને જરા એમ પણ જણાવવાની મહેરબાની કરજો કે મને ગઇ કાલે જગતશેઠ મળ્યા હતા અને તેમની ખાસ ભલામણ ઉપરથીજ હું અહિં આવ્યો છું." તે યુવાન ડિટેક્ટિવના નામ નિશાનવાળું 'કાર્ડ' વાંચતાં આશ્ચર્ય પામ્યો હોય એમ જણાયો.

"તમે કહોછો કે શેઠજીને તમે કાલે જોયા હતા?"

"હા જી, એ અમદાવાદ તરફ જવાને ઉપડી ગયા તે પ્હેલાં આશરે અર્ધોએક કલાક ઉપરજ."

"હું શેઠાણીને તમારું નામ ઠામ જણાવું છું" તે યુવાને કહ્યું; "જો કદાચ તમને અહિં, યોગ્ય આદરસત્કાર ન હોય તો, તેને માટે તમારે એટલું તો કબૂલ કરવુંજ પડશે કે, તમારો દેખાવ જરા શક ઉત્પન્ન કરે એવો હતો; પણ તમારા કહેવા ઉપરથી લાગે છે તે પ્રમાણે જો તમે જગતશેઠનીજ સલાહ પ્રમાણે આવ્યા હો તો, શેઠાણીસાહેબને તમે મળી શકશો."

એમ કહી તે, તે ઓરડીમાંથી બહાર ગયો. અને થોડી વારમાં એક ખુબસુરત નવયૌવનાને સાથે લેતો આવ્યો. અને "લતાબ્હેન! આ રતિલાલ, મુંબાઇના સુપ્રસિદ્ધ ડિટેક્ટિવ છે" કહી, બહારે જવાનું કરતો હતો એ-

માં તેણે કહ્યું, "બિહારી ! અહિં રૂહેને. રતિલાલજીના અહિં સુધી આવવાનું કારણ તું પણ સાંભળ !"

"ટુંકામાં પૂછો તો, શેઠાણી સાહેબ !" તે ડિટેક્ટિવે કહેવાનું શરૂ કર્યું, "ગઈ કાલ સાંજે જગતશેઠ મારી ઑફીસમાં આવ્યા હતા. તેમણે મને જણાવ્યું કે 'મારું કાશ્મીરતરફ જવાનું કારણ સુપ્રસિદ્ધ છે, અને હું બંગલે નહિં હોઉં ત્યારે વખતે ચોર અગર લૂંટારા ધાડબાડ પાડે, તેમાંટે હું બહાર મુસાફરી કરૂં તેટલા દિવસ તમને 'શાન્તિસદન'માં રાખવા એવો મારો ખાસ વિચાર છે, અને હું પણ તે વાત કબૂલ કરી અહિં આવ્યો."

"જોયું, બિહારી ?–કેટલી બધી અહિંને માટે કાળજી છે !" કુંજલતા બોલી ઉઠી, "મારા મનમાં કે એ ગયા ત્યારે તો એમના મગજમાં જૂના લેખનાં કાગળિયાં શિવાય બીજું કાંઇજ નહિ હોય, પણ જો––"

"હા. બેશક કાળજી હોય એમ તો લાગેજ છે," તે યુવાને જવાબ દીધો, "હું ધારૂં છું કે મી. રતિલાલ ! તમને શેઠજીએ કાગળ તો આપ્યોજ હશે."

"ના જી," રતિલાલે ઉત્તર વાળ્યો, "મેં તો એમને તેમ કરવાને ખાસ વિનંતી કરી પણ એ વાત તો તેમના ખ્યાલમાંજ ન આવી. મેં જ્યારે વધારે આગ્રહ કર્યો, ત્યારે તો તે ઉલટા કાંઇક ચીડાયા હોય એમ લાગ્યું અને મને તો એમજ કહી ચાલ્યા ગયા કે "મેં કહ્યું છે તે શેઠાણીને જણાવી દેવું."

"હા. હા. એમનો એજ સ્વભાવ છે," શેઠાણીએ વચમાં ટાપશી પુરી, "અરે ! એમના મગજમાં એક વાત હશી, તેની સામે તો થઇ શકાયજ નહિ."

"એ તો ખરૂં." બિહારીલાલ વચમાં બોલી ઉઠયો, "એ તો ખરૂં, પણ આ ગૃહસ્થ રતિલાલજ છે એમ શી ખાત્રી થાય ? કદાચ ખોટું નામ ધારણ કરીને કોઇ ઠગારોજ આવ્યો હોય, અથવા જે ચોરને પકડવા આવ્યાનું તેઓ કૂહે છે તેજ એ હોય તો શું ?"

રતિલાલને જરા ગુસ્સો તો આવી ગયો પણ તેને લાગ્યું કે 'બિહારીલાલ ખરૂં કૂહે છે.'

"હું તો એમ ધારૂં છું." તેણે કહ્યું, "આજની રાત રતિલાલજી આપણી ધર્મશાળાની મેડીઉપર મુકામ રાખે; અને આવતી કાલે હું અને એ સાહેબ બંને જણ મુંબઇ જઇ બરોબર તપાસ કરીશું. અને જો તપાસમાં તેમનું કૂહેવું ખરૂં માલમ પડશે તો પછી અહિં મારી સાથે પાછા આવીને શેઠસાહેબે સોંપેલું કામ ઘણી ખુશીથી કરે. કેમ રતિલાલજી ! આ

રસ્તો ઠીક લાગે છે ને ?"

રતિલાલને આ દરખાસ્તનું વ્યાજબીપણું તો કબુલ કરવું પડ્યું, પણ તે ઉપરથી આ શેઠાણી કુંજલતાના 'બિહારી' વિશે તેને કાંઇ ખાસ સારો અભિપ્રાય બેઠો નહિ; અને એના મનમાં એવી ખાત્રી અડધી-પડધી તો થઇ પણ ગઇ કે 'આ બંને જણનો બાહ્ય બ્હેનનો સંબંધ માત્ર નામનોજ છે.' પણ આમ તપાસ કરવાનું ઠર્યું તેથી તો એને વધારે શાન્ત થઇ કે હવે નિરાંતે-જેમ ધારે તેમ વર્તીને પણ-એ બંને જણનાં સઘળાં કતુંક ખોળી કૃહાડી શકાશે.

* * * * *

બીજી સ્હાંજે 'શાન્તિસદન'—બંગલામાં તેને એક ભવ્ય-સુન્દર ઓરડામાં ઉતારો આપવામાં આવતો હતો તેની ના કહી, એક નાની સરખી ઓરડીમાં તેણે પડાવ નાંખ્યો. તેના કહેવા ઉપરથી એમ બહાર પાડવામાં આવ્યું હતું કે, તેને મુંબઇથી પોતાના ગેરહાજરીના વખતમાં ઘર ખરચનો હીસાબ રાખવા તથા ઘર વગેરે સંભાળવા શેઠે ખાસ મોકલેલો હતો. તે ઘરમાં ગમે તે ઠેકાણે જઈ શકતો; અને રાતે ભટકતો જણાય તો તેનું કારણ પોતાને ઉંઘમાં હીંડવાની ટેવ છે, એવું આપતો. તે બધાંની સાથેજ જમતો; આસપાસનાં ખેતરોમાં સ્વેચ્છાએ રખડતો; શહેરની દરેક વીશીમાં જાણીતો થઈ ગયો હતો; અને શહેર જરા દૂર હોવાથી પાસે જે ધર્મશાળાઓ વગેરે હતી તેમાં આવી પડતાં સાધુ સંતો તથા વેરાગીઓ અને બાવાઓનાં ટોળામાં પણ ભાંગ, ગાંજો પીવાને બ્હાને પડ્યો પાથર્યો રૂહેતો. એણે 'જગન્નાથ'—નામ ધારણ કર્યું હતું અને થોડા વખતમાં ચાકરો, માળી, દરવાન વગેરે સાથે એવો તો હળી ગયો, કે બધાં એનાં વખાણ કરતાં. રસોઇ કરનાર 'મહારાજ' તો એના ઉપર ફિદા ફિદા થઇ જતા !

પાંચ સાત દિવસ ગયા પછી, દરવાન અને 'મહારાજ' રતિલાલની સાથે બેશી બીડીઓ પીતા હતા; હવે તો તે બધામાંથી નવા માણસ તરફનું અતડાપણું તદ્દન જતું રહ્યું હતું, તેથી તેણે ધીમે ધીમે શેઠના ગૃહ સંસારની વાતોમાં તેમને ઉતાર્યા. "આ જગો તો ફક્કડ છે, કેમ મહારાજ !" રતિલાલે કહ્યું, "મને તો એજ નવાઇ લાગે છે કે આવું મકાન અને ઘરનું સુખ મુકીને શેઠજીને પણે દૂર-ખૂણામાં પડેલા કાશ્મીરમાં રખડવું કયેમ ગમતું હશે ?"

"અરે એ તો જૂના લેખ અને જૂની વસ્તુઓ પાછળ એવા તો ગાંડા થઇ ગયેલા છે કે એમને બીજું કાંઇ સુઝતુંજ નથી; ખરૂં કહેવડાવો તો એમને દુનિયાંદારીનું કાંઇ ભાનજ નથી," મહારાજે જવાબ દીધો.

"આહા !" તે ડિટેક્ટિવ બોલી ઉઠયો, " પણ મને તો લાગે છે કે એમના જવાથી કાંઇ તમને ખોટું થયું હોય એમ જણાતું નથી. હું તો ધારૂંછું કે આ બંગલો રંગાવવાના વિચાર ચાલે છે અને ગમ્મત કરવાની ગોઠવણો થાય છે તે સહુ ઉપરથી-શેઠજીના ગયાથી તમે બધાં કાંઇ શોકમાં હો એમ તો જણાતું નથીજ."

"થોડા વખતમાં અહિં કેટલાક મેમાન પણ આવવાના છે; અને શેઠાણીના પિયરમાં એમના કોઇ દૂરના સગાને ઘેર લગન પણ આવતા અઠવાડિયામાં થવાનું છે."

" ત્યારે તો શેઠાણી સાહેબ શહેરમાં જશે ?"

"હાસ્તો. વળી એમનાં બ્હેન જે મદ્રાસ પરણ્યાં છે, તે પણ અહિં આવવાનાં છે અને બંગલામાંજ ઉતારો કરશે."

" ત્યારે એ બધાંની સાથે બિહારીભાઈ પણ જશેજ તો ? " રતિલાલે પોતે કાંઇક વધારે જાણતો હોય એવો ડોળ કરી કહ્યું.

" હા. " મહારાજે જવાબ દીધો, "શેઠ હોય છે ત્યારે તેઓ પણ એમને તો આગ્રહ કરીને લઇ જવાના. શેઠ નથી એટલે તો ઘરના કોઇ મોટા માણસ તરીકે પણ જવું પડશેજ; બાકી એમને ઘણુંખરૂં તો એમ જવુંજ ગમતું નથી."

રતિલાલે કપડાગીમાં એવીતો રીતે મ્હોં મલકાવ્યું કે તે જોવા છતાં મહારાજ તેનો અર્થ સમજી શકયો નહિ.

" તમને તો ખબર નહિ હોય;" મહારાજે વ્યાખ્યાન આગળ ચલાવ્યું, "શેઠાણીના બાપ બિહારીભાઇના વાલી હતા અને એમને પોતાના ઘરમાંજ ઉછેર્યા હતા, તેથી એમને અને શેઠાણીને સગાં ભાઇબ્હેન કરતાં પણ વધારે બને છે. શેઠ ગામમાં હોય ત્યારે પણ ઘણુંખરૂં બિહારીભાઇને અહિં-બંગલેજ આગ્રહ કરી-કરીને રાખે છે."

" આહા !" રતિલાલ વિચારમાં પડયો, "આ પ્રમાણે કરવામાં એની કાંઈ લુચ્ચાઇ તો નહિ હોય ? "

તેણે પુછયું, " શેઠાણી, શેઠસાહેબ કરતાં બહુ ન્હાનાં હોય એમ

લાગેછે, ખરૂંકની ? ”

“ હા. ઘણાં ન્હાનાં !” મહારાજે ઉત્તર દીધો, “પણ શેઠજીઉપર તો એમને બેસતમ ભ્હાલ છે. અરે ! આ જૂના લેખ શોધવા વગેરેં માટે શેઠસાહેબને જે માન મળે છે, એમાંતો તે એટલાં રાજી થાય છે કે કાંઇ કુહેવાની વાતજ નહિ ને ! અને એ તો શેઠની સાથે કાશ્મીર પણ જવા તૈયાર થઇ ગયાં હતાં, તે શેઠે માંડ માંડ રોક્યાં. ”

રતિલાલ ખરેખરો અચંબો પામ્યો હોય એમ દેખાયું.

“ કેમ ખરૂંકની, રામા ? ” મહારાજે દરવાનને પુછ્યું.

“ હા. હા. ખરે, ભાઈ સા’બ !” રામાએ જવાબ દીધો, “ એ તો શેઠજીના ઉપર ફિદાફિદા થઇ જાય છે, અને શેઠની તો એ કાંઇ ગણત્રીમાંયે નથી. એમને તો—એ ભલા ને એમનાં જૂનાં થોથાંપોથાં ને ફાટાંતૂટાં કાગળિયાં ભલાં ! ”

“ આહાહા ! ” રતિલાલે મનમાં વિચાર કરવા માંડયો, “ તમારા બધાના કરતાં એને દુનિયાંદારીનું વધારે ભાન છે !—પણ આ બન્ને શેઠ અને શેઠાણી ખરેખરાં હુંશિયારજ હોવાં જોઇએ, નીકર આમ ઘરનાં માણસોને પણ શી રીતે છેતરી શકે ? ”

“ હેં ! પણ આ લગનમાં બહુ ધામધૂમ થવાની કે ? ”

“ હાસ્તો. ” મહારાજે જવાબ દીધો, “ ઔરંગાબાદમાં આપણા શેઠ બાદ કરતાં એ પણ સૌથી વધારે પૈસાવાળા ગણાય છે. અને તમે તો જગન્નાથભાઇ જાણતાજ હશો—નહિં જાણતા હો તોપણ તમને કુહેવાની કાંઇ ફિકર નથી કે—હું કાલે મુંબાઇ બિહારીભાઇની સાથે શેઠનું ઝવેરાત દુરસ્ત કરવા આપ્યું હતું તે લેવા જવાનો છું. અરે ભાઇસા’બ ! એતે કાંઇ ઘરેણાં છે ! મુંબાઇનો રામકીસન ઝવેરી એની ઓછામાં ઓછી કિમ્મત પંદર હજાર રૂપિયાની આંકતો હતો, અને શેઠ હોય છે ત્યારે પણ આ ઘરેણાં શહેરમાં દુકાનની તીજોરીમાંજ રાખવામાં આવે છે: અને ત્યાં કેટલીબધી ચોકશી થાય છે ને ચોકી પહેરામાં રાખે છે ! અહિં તો રાખતાજ નથી ! ”

“ નારે ના. અહિં તે રખાય ? ” રતિલાલ બોલી ઉઠયો, “ અરે જો કો ઝવેરાત અહિં છે એમ માલમ પડે તો લૂંટ થયા વિના રૂહેજ નહિ ને. હેં મહારાજ ! તમે આ તરફના બંગલા જરા છેવાડા છે તેથી કોઇ દિવસ કાંઇ આટલામાં ચોરીબોરી થયાનું સાંભળ્યું છે ? ”

"હા. એકવાર" મહારાજે જવાબ દીધો, "અને ખરેખર, એ પ્રયત્ન તો બહુજ હિમ્મતથી થયો હતો. એકાદ ચાકરની છોકરી પાસેથી બંગલે ઝવેરાત મંગાવ્યાનું કોઇએ જાણી લીધું હશે. શહેરમાં કોઇ સારે ઘેર લગન હતાં એટલે પહેરવાને મંગાવ્યું હતું. રાતે અહિ વાળુ કરવાની ગરબડ ચાલી રહેલી એવામાં એક ઉઘાડી બારીઉપર નીસરણી મુકી ચોર અંદર પેઠા. પણ સારે ભાગ્યે બાગવાને એમને પેસતાં જોયેલા તેણે બિહારીભાઇને ખબર કરી. તે ઉપરથી અહિં પણ કેટલા મહેમાન ઉતરેલા હતા તે અને ભાઇ એકદમ ઉપર જઈ પહોંચ્યા અને બારણું ઉઘાડયું તો અંદર બે ચોરને જમીન ઉપર નાંખી તેમને એક ઠીંગણોશો પોલીસનો ડ્રેસ પહેરેલો માણસ બંને હાથથી પકડી, ઘુંટણીએ બેઠો હતો, તેણે જણાવ્યું કે 'હું આ બંને ચોરની પાછળ પાછળ આવ્યો હતો અને તેમનીજ પાછળ બારીએથી અંદર પેશી, તેમને મારા આવ્યાની ખબર પડી તે પહેલાં તો મેં એમને પકડી લીધા હતા. હું મદદને માટે બુમ પાડતો હતો એટલામાં તો તમે બધા આવી પહોંચ્યા. હવે જાણે, હું આ લોકોને તમારા એકાદ બે માણસની મદદથી ચોકી ઉપર પહોંચાડી આવું ત્યાંસુધી એમને ખાસ જાપતામાં રાખવાની એકાદ ઓરડી કે જગો બતાવવાની મેહેરબાની કરો; એ બંને ચોરને ઘોડારમાં પુરીને તાળું વાસ્યું અને કુંચી એ પોલીસના માણસે પોતાના કબજામાં રાખી. અમે તો બધા એટલા તો ખુશી થઇ ગયા કે જ્યાં ત્યાં એનાંજ વખાણ કરવા લાગ્યા. શેઠે એને પચીસ રૂપિયાની નોટ ઇનામ દાખલ આપી, જે થોડી આનાકાની કર્યા પછી તેણે લીધી. વાળુ વખત થઇ હતી એટલે એને અમે બધાએ આગ્રહ કરીને જમાડયો. પછી એણે કહ્યું, 'મારે એ ચોરોની પાસેથી કેટલીક બાતમી મેળવવી છે, માટે જરા એમની સાથે વાતચીત કરી આવું.' અમે એને કોઇને પોતાની સાથે લઇ જવા અને એકલો ન જવા કહ્યું પણ એ વાતની તો તેણે ચોખ્ખી ના પાડી. તેણે કહ્યું જેટલું પોલીસને એ લોકો કહે છે તેટલું બીજાઓને નથી કહેતા. વળી બીજો કોઇ મારી સાથે હશે તો એ બરોબર જવાબ નહિ દે. અને જો તમને મારેમાટે ફિકર હોય તો આ જોઈ છે ?'–તેણે એક વિલાયતી ઉંચી બનાવટની એક 'રિવોલ્વર' (છ નળીની પિસ્તોલ) બતાવી.—'મને એમની પાસે વીસેક મિનિટથી વધારે વાર નહિ થાય.' એમ કહીને ગયો. અમે તો તે માણસની સાવચેતી અને હુશિયારીની તથા ચોરોની, લુંટફાટની વાતોમાં અડધો પોણો કલાક ગાળી નાંખ્યો તોપણ એ પાછો આવ્યો નહિ.

અને એ શું કરે છે એમ તપાસ કરવાને કોઇ ગયું. તેના કહેવા ઉપરથી અમે બધાંયે ત્યાં જઇ જોયું તો ચોરોએ નહિ અને પોલીસે ન મળે! શહેરમાં ઇન્સ્પેકટરસાહેબને ત્યાં આ બાબતની ખબર કરતાં એમ નક્કિ જણાયું કે એ પોલીસનો સિપાઈ બીજો કોઇજ નહિ પણ જાણીતો ચોર 'છટકતો છેલ' કહેવાય છે તેજ હતો, અને તેણે પોલીસનો ડ્રેસ પણ જરૂરપડે માટે ઘણું કરીને કપડાં નીચેજ પ્હેરી રાખ્યો હશે."

"બોલો, હવે ત્યારે, કેમ ચાલાકી તો ખરીજને ? એ ત્રણે માણસો નાશી ગયા અને લોકો કહે છે કે 'છટકતો છેલ' હજી પણ પકડાયો નથી."

"હા. નથી જ પકડાયો," તે ડિટેકિટવે જવાબ દીધો, "નથી પકડાયો એટલુંજ નહિ પણ એને પકડવાને માટે એક હજાર રૂપિયાનું ઇનામ બહાર પડયું છે. ખરેખર એ બડો હુંશિયાર–" રતિલાલ બોલતે બોલતે અટકયો અને આવી બાબતોમાં પોતે માહીતગાર છે એવું ન બતાવવું, દુરસ્ત લાગતાં, ઓઠે આવેલા શબ્દો ન ઉચ્ચારતાં બોલ્યો,—"ચોર લાગે છે અને તમે કહ્યું તે ઉપરથી તો એમજ જણાય છે કે એની ચાલાકી લોકોને ધાસ્તી રૂપજ થઇ પડે છે."

"હા," મહારાજે કહ્યું, "ભાઇ અમને પણ ઘણીજ બીક એ હતી કે રખેને એ પાછો અહિં આવે. વળી એમાં અધુરામાંપુરૂં એમ પણ થયું હતું કે જેટલો વખત એ પોલીસ તરીકે અહિં બંગલામાં હતો, તેટલા વખતમાં 'બીજે કયાંઇ તો ચોર સંતાયા કર્યા નથી ?'–એમ કહી તપાસ કરવાને બહાને તે આખો બંગલો–દરેક ઠેકાણે ફરીને– જોઇ આવ્યો હતો. પણ શેઠજીયે ન થાય ભુંડા કે પોતે મુંબાઇ જઇને અડયાથી અવાજ કરતી ઘંટડીઓ જેને–'ચોર પકડનાર'– કરીને કહે છે તે લઈ આવ્યા અને તે દરેક બારણે તથા બારીએ લગાડી તેમનો વીજળીના તાર બાંધી એકબીજાથી એવો તો સંબંધ કરી દીધો કે જો એ ફેરવીને બારણું બંધ કર્યું હોય તો તેને એક જગોએ કોઇ અડે કે તરત દરેક ઓરડામાં ને બારીએ અવાજ થયા વિના રહે નહિ અને એ પ્રમાણે હજુ પણ સુતી વખત બંગલામાં થાય છે, તે તમે જાણો છો. આ વાત પેપરોમાંયે જણાવવામાં આવી હતી અને તેથી કદાચ 'છટકતો છેલ' એ વાત જાણીને હવે ફરીથી અહિં આવવું સહી સલામતી ભરેલું ધારતો નહિ હોય."

રતિલાલ જ્યારે એકલો પડયો ત્યારે આ વાતચિતના આગલા ભાગ ઉપર ખુબ વિચાર દોડાવ્યા; અને પોતાની જાતે કરેલા તપાસનું પરિણામ પણ

મહારાજે જણાવેલા વિચારને મળતુંજ આવ્યું.

શેઠાણી કુંજલતા એક પ્રેમાળ અને પતિવ્રતા પત્ની હતી એ વાત તો નક્કિજ હતી; અને બિહારી? બિહારીલાલને પણ તે પોતાના સગા ભાઇ જેવોજ ગણતી જણાતી હતી. ઘરનું દરેક માણસ જગતશેઠને દુનિયાંદારીના વિષયોમાં તદ્દન અજ્ઞાન અને પોતાની ચોપડીઓ અને પ્રાચીન લેખોના અભ્યાસમાંજ નિમગ્ન ધારતું હતું; છતાં આમાંની દરેક બાબતમાં ડિટેક્ટિવનો પોતાનો અનુભવ કેટલો બધો જૂદો હતો? —તેને પોતાને જગતશેઠ કેટલો ચાલાક, કેટલો હુશિયાર લાગ્યો હતો?—કદાચ એ કાંઇ ગાંડો તો નહિ થઇ ગયો હોય—કોઇ પ્રકારની એનામાં ઘેલછાનો નહિ થઇ ગઇ હોય!

રતિલાલ ખરેખરો વિચારમાં પડયો,—શેઠાણીની તપાસ રાખવા રોકાયા છતાં શેઠ વિશે વિચાર કરવા, તપાસ કરવા લાગ્યો!—પરન્તુ હાલ તો કાંઇજ વધારે માહેતી મળે તેમ પણ નહોતું—ઉપાય પણ નહોતો; સમય સમયનું કામ કરી લેશે એમ તે જાણતો હતો. હાલ તો એને ધીરજથી રાહ જોયા કરવા શિવાય બીજું કાંઇ પણ કરવાનું નહોતું—અને એની પેઠે જ્યારે ધીરજ રાખી બેશી રહેવાના પણ પૈસા મળે એમ હોય ત્યારે તો માણસો તેમ કરવું ચૂકે એ સંભવતું નથી.

બીજે દિવસે બિહારીલાલ અને મહારાજ મુંબાઇથી ઝવેરાત લઇ આવ્યા; અને તેને બીજે દિવસે રતિલાલને નીચે પ્રમાણેનો તાર મળ્યો:—

"મુંબાઈ આવી પહોચ્યો છું. વખત સારો મળ્યો છે. આજે રાતે બારવાગે બંગલાની બહાર મળજે. સાવચેતી રાખજે, કોઈ જુવે નહિ. વેશ બદલીને આવીશ. જરૂર!

જ—શેઠ."

"ચાલો હવે કામ કરવાનું આવ્યું ખરૂં!" રતિલાલ મનમાં બોલ્યો, "જો એ ગાંડો હોય, તો એના ગાંડપણમાંયે 'ઓર્ડર' (નિયમ) તો લાગેજ છે. ગમે તેમ હો, પણ હું એને આજ રાતે મળીશ એટલે ખાત્રી થશે."

રતિલાલને પોતાની તપાસ કરવાની સમજ શક્તિ વિશે ઘણું અભિમાન હતું અને આ બાબતનો છુપો ભેદ જાણવાને તે એટલો તો ઉત્સુક થઇ રહ્યો હતો, કે રાત પડી ત્યાંસુધી એને જરાએ શાન્તિ વળી નહિ.

* * * * *

રાતે આશરે બાર સ્હાડાબારેકને શુમારે, "શાન્તિસદન"માં રતિલાલ શિવાય બીજાં બધાંય માણસો નિદ્રાવશ થઇ નિરાંતે આરામ લેતાં હતાં,

તે વખત તે ડિટેક્ટિવે છાનેમાને બારણું ઉઘાડયું અને ધીમે ધીમે પગલા-ચુપચુપ દરવાજો ઉઘાડી તે બહાર નીકળ્યો.

" કયેમ છો, રતિલાલજી !" એક માણસે તેની પાસે આવીને ધીમે પણ સ્પષ્ટ અવાજે કહ્યું, " બંગલામાં મને ગમે તેવો થોથાંપોથાંમાં જ પડી રહેનારો ધારતાં હશે અને તમને પણ કદાચ એમજ ખબર મળી હશે; પણ કહો, હું બરોબર વખતે તપાસ રાખી શકું છું કે નહિ?–બોલો, હવે તમારે મને કાંઇ ખબર આપવાની છે ? "

" કાંઇ નહિ, શેઠ સાહેબ ! હું તો કાંઇ સમજીજ શકતો નથી. "

" જરા અહિં ટાઢ વ્હાય છે, " શેઠે કહ્યું, "માટે આપણે તમારી ઓરડીમાંજ જઇને વાતો કરીએ. તમને કઇ જગો આપેલી છે ?"

ડિટેક્ટિવે પોતે સુતો હતો તે ઓરડી જણાવી.

" ઠીક છે, ચાલો હવે. તમે આગળ થાઓ હું પાછળ પાછળ ચાલ્યો આવું છું. પોતાનાજ બંગલામાં ચોરની પેઠે પેસવું એ પણ ઠીકજ લ્હેર છે ! પણ હું ઘણોજ વિચિત્ર માણસ છું. ચાલો, જરા તાકીદ રાખો."

ડિટેક્ટિવની ઓરડીમાં તેઓ પેઠા, અને શેઠ રતિલાલના ખાટલા ઉપર તેમની રજાઇ ઓઢીને બેઠા.

" બોલો ત્યારે રતિલાલજી ! એ લોકોએ તમને છેતર્યા;–બનાવ્યા! "

" સાહેબ, હું આપને કોઇ પણ બાબત વીશે ખરેખરો જવાબ દઇ શકું એવી સ્થિતિમાં તો નથીજ, " તે ડિટેક્ટિવે કહ્યું.

" વખારે વખત જોઇએ છીએ, હે ? કાંઇ ફિકર નહિ, રતિલાલ ! મને કેટલીક ખબર મળી છે. મને ખાત્રીથી જણાવવામાં આવ્યું છે, કે જે દિવસ બિહારી તમારી સાથે મુંબાઇ ગયો હતો તેજ દિવસે તેણે મારું બધું ઝવેરાત જે ઝવેરીને ત્યાં દુરસ્ત કરવા મેં આપ્યું હતું તે મારે નામે ત્યાંથી ઉપાડી લઇ, ગિરો મુકી તેના ઉપર રુપિયા લીધા હતા. જે વખત ઝવેરાત લેવા એ મુંબાઇ જવાનો હતો તે પહેલાં તેણે ગોઠવણ કરેલી તે પ્રમાણે, દરેક દાગીનામાંથી હીરા કુહાડી લઈ તેને બદલે ખાસા પાડેલા પોખરાજ વગેરે હલકી કિમ્મતનાં નંગ મુકી એણે ખરા હીરા ને નંગ, દસ હજાર રુપિયા લઇ વેચી નાંખી, પોતાનું આઠ હજાર રુપિયાનું દેવું એણે ગઇ કાલ વાળી નાંખ્યું છે. જે લોકોનું એને દેવું હતું, તેમને હું ઓળખું છું અને તેથીજ તેમણે મને પોતાના ચોપડામાં રુપિયા જમે કરેલા જોતા દીધા હતા. આ બધી વાત

શેઠાણી જાણે છે એટલુંજ નહિ પણ એની સાથેની સંતલસમાં એ જાણું એકજ હોય એમ કામ કરે છે અને મારાથી છુપાવવાને પ્રયત્નો કરે છે."

ડિટેક્ટિવ શેઠ તરફ આશ્ચર્યની દૃષ્ટિથી જોઇજ રહ્યો. આવા શાન્ત દેખાવનો માણસ આટલો બધો કાબેલ છે, એમ કોણ જાણતું હશે ! ખરે, એણે લેખોની ભાંજગડમાંજ પડવામાં ભૂલ કરી હતી. ધંધોજ ખોટો લીધો હતો. એ કેવો હુંશિયાર ડિટેક્ટિવ થઇ શકત !—પણ વધારે નવાઇ એ હતી કે પોતાની હમ્મેશાંની સખ્ત તપાસ તળેથી પણ બિહારી અને શેઠાણીનું પાપી જોડું છટકી જવા પામ્યું હતું તો તે પણ વળી કેવાં ચાલાક હશે !

"પણ શેઠ સાહેબ ! તમને ખાત્રીજ છે ?"

"હા. આસપાસના બનાવો અને વસ્તુઓનો પુરાવો મને ખાત્રીજ કરી આપે છે. પહેલું તો એ કે, બિહારીને આઠ દસ હજારનું દેવું હતું તેની હું બતાવું તેમને ત્યાં મુંબાઇમાં તપાસ કરશો તો—તમને તરતજ સંપૂર્ણ બાહેતી મળશે. બીજું ગઇ કાલેજ મેં એના લેણદારોના ચોપડા જોયા છે એ વાત પણ સિદ્ધજ છે. હવે એટલુંજ જોવાનું કે એ ઘરેણાં શેઠાણીવાળાં હતાં કે કેમ ! તેની સાબીતીમાં એટલુંજ છે કે, શેઠાણીને ઘણા કીમતી દાગીના મેં કરાવી આપ્યા છે; અને એ ફરી દુરસ્ત કરવા જે ઝવેરીને ત્યાં મેં મુકયા હતા ત્યાંથી એણે વ્હેલા ઉપાડી લઇ અહિં તો ફક્ત કાલેજ આણ્યા; હવે એમ ધારો કે એ દાગીના અમારા નહોતા તો તે લાવ્યો ક્યાંથી ! આટલુંજ પણ શક લાવવાનેમાટે પુરતુંજ છે. "

"હા જી" રતિલાલે કહ્યું "એટલો શક રૂહે છે ખરો."

"તમે ખરૂં કૂહો છો. પણ વખતે મારી પણ ભૂલ થઇ હોય. શેઠાણી આ લગ્ન વગેરેના પ્રસંગોમાં બધું ઝવેરાત બંગલે મંગાવે છે. આ વખત તે મંગાવ્યું છે કે નહિ તે તમે જાણો છો ! "

"હા, સાહેબ. બિહારીલાલ અને મહારાજ આ વખત તો મુંબાઇ જઇને લઇ આવ્યા છે. "

"એમકે ! ઠીક ત્યારે તો—આપણાથી આ વાત ખરી છે કે ખોટી તેનો તરત નિવેડો આણી શકાશે. તમને ઝવેરાત—હીરા ખરા ખોટા પારખતાં આવડે છે ?"

"ના, શેઠ સાહેબ ! હું ખાત્રીથી કહી શકું નહિ. "

"ફિકર નહિ; મને આવડે છે તો. મારા બાપ જીવ્યા ત્યાંસુધી મારે

એ-ધંધો કુટવો પડ્યો હતો ! શેઠાણી તો એની એજ જગોએ સુઇ રૂહે છે ને?"

"હું એમ ધારૂં છું. મેડી ઉપર ચ્હડતાંજ જમણા હાથના ઓરડામાં."

"હા. હા. એજ. શેઠાણીના ઓરડાનું બારણું વિજળીની ઘંટડીઓ-વાળી દોરીથી બંધ કરવામાં આવે છે કે નહિ ?"

"ના, સાહેબ; આપના ગયા પછીથી એમની ચાકરડી ત્યાં એમના પલંગ પાસેજ સૂવે છે."

"અને ઝવેરાત એજ ઓરડામાં મૂક્યું છે કે બીજે કંઇ ?"

"તેની મને ખબર નથી."

"ઠીક છે. હું ખોળી કહાડીશ; અને જો મને જડશે તો પછી આપણે હીરા ખરા છે કે ખોટા છે તેની પરીક્ષા કરીશું."

"પણ, શેઠ સાહેબ," તે ડિટેક્ટિવ બોલી ઉઠયો, "તમે પકડાઇ જશો—અથવા તમને કોઇ ઓળખશે તો ?"

"હેં ! એમ થાય તોયે શું ? હેં ! મી. ડિટેક્ટિવ ! મારા પોતાના મકાનમાં તો હું ધારૂં તે કરવાને મુખ્તિયાર છું, કેમ ખરૂં કની ?"

ધીમે ધીમે, જરા પણ અવાજ કર્યા શિવાય, ધીમે પગલે શેઠ પોતાના બંગલે ચોરી કરવા ગયો અને ડિટેક્ટિવ એકલો પડયો.

રતિલાલને જરા એમ લાગ્યું ખરૂં, કે આવી મિથ્યાકૂટમાં હું કયાંથી આવી પડયો ! આવી માંહોમાંહેની ગરબડો એને બહુધા પસંદ હતીજ નહિ. પરન્તુ બહુ વાર થઇ નહિ એટલામાં તો જગતશેઠ ઘરેણાંની પેટી લઇને અંદર આવ્યો.

"આની કુંચી આપણી પાસે નથી, રતિલાલ !" તેણે કહ્યું, "તેથી આપણે કળ તોડી નાંખવી પડશે."

"પણ તેથી તો આપણે જોયું છે એ વાત બહાર પડી જશે."

"હા. એમ થશે તો ખરૂંસ્તો; પણ બીજો ઉપાય નથી." અને તે ડિટેક્ટિવ બીજો અક્ષર બોલે એટલામાં તો શેઠે પેટીનું ઢાંકણું, કળ તોડી, ઉઘાડી નાંખ્યું; અને હીરાના હાર, મોતીની માળાઓ, જાત જાતનાં હાથે કાને તથા નાકે પહેરવાનાં ઘરેણાં, અને હાથ પગનાં સોનાનાં સાંકળાં, કલ્લાં વગેરે બધી વસ્તુઓ બહાર નીકળી જમીન ઉપર પડી.

"સાહેબ ! પણ આ જરા તમે ઠીક કર્યું નહિ."

"કદાચ એમ હશે. પણ તેમાં શું થઇ ગયુ; જુવો તો ખરા,-હું

કહેતો હતો તે તદ્દન ખરૂં નીકળ્યું. આ બધામાં એક પણ ખરો હીરો કે ખરાં પાણીવાળું મોતી નથી !"

"આપને ખાત્રી છે ? હીરા તો ઝગઝગાટ ચળકે છે, અને મોતી પણ મોટાં પાણીદાર દેખાય છે."

"અરે ભલા માણસ ! હાલ તમને ખબર છે કે ખોટાં મોતી અને ખોટા હીરા કેવી ચાલાકીથી ખરાં હોય એમ ગોઠવી શકાય છે. મેં ન્હાનપણમાં ઝવેરીનો ધંધોજ કરેલો છે, હજી પણ એવી તેવી બાબતોમાં તો મારો અભિપ્રાય પણ લેવાય છે; આ બધાં મોતી અને હીરાની, સોનું બાદ કરીએ તો, સો રુપિયા કરતાં વધારે કિમ્મત ઉપજે નહિ એ નક્કિ છે !" શેઠે માથું નીચેથી ઉંચું કર્યું; આંખમાં આંસુ આવેલાં દેખાયાં અને ચ્હેરો એવો તો શોકજનક હતો કે રતિલાલને તેની ઉપર ખરેખરી દયા આવી. તેણે, વખતે કાંઇ ભૂલ થઇ હોય અથવા કુંજલતાને પોતાના ભાઇને બચાવવો એટલોજ હેતુ હોય, એવી બંધ બેસતી વાતો-બહાનાં બતાવવા માંડયાં. તેણે એમ પણ કહ્યું "સાહેબ ! મેં શેઠાણીની વર્તણુંક ખરેખરી બારીકીથી અને તેમના ઉપર હમ્મેશાં નજર રાખીને તપાશી છે. અને હું ખાત્રાથી કહી શકું છું કે એમનો તમારા ઉપર અત્યંત પ્રેમ છે."

"હેં રતિલાલ ! ખરૂં કહોછો ? તમે કહોછો તે ખરૂં છે. ?" શેઠ બોલી ઉઠયો, "તમારો ખરેખરો આભાર માનુંછું કે તમે મને આટલી આશા આપી, હું હવે ઘરેણાં શેઠાણીના ઓરડામાં મુકી આવુંછું, અને સવારે વહેલો આવીશ, એટલે એમના ઉઠયા પહેલાં હું આવીને આ પેટીની કળ તોડયા બાબત જવાબ દઇશકું. કદાચ એ તોડવામાં મેં ઉતાવળ કરી હશે, પણ તે વખત મને કાંઇ ભાનજ નહોતું."

તેણે ઝવેરાત પેટીમાં પાછું મૂકયું, અને પોતાની સાથે પેટી લઇને શેઠાણીના ઓરડામાં મૂકવા ગયો. એને કાંઇક ઠોકર-ઓકર વાગી હશે એમ રતિલાલને લાગ્યું, કારણ રસ્તામાંથી કાંઇક એવો અવાજ સંભળાયો; પરન્તુ શેઠ તરત પાછો આવ્યો અને જોડા પહેર્યા.

"રતિલાલ, હવે હું અત્યારે તો જાઉંછું," તેણે કહ્યું, "કાલે સવારે મળસ્કામાં તો પાછો હું અહિં આવી પહોંચીશ. કદાચ મારા આવ્યા પહેલાં આ બધું જણાઇ જાય તો બેલાશક ખુલ્લી રીતે મારું નામ દેજો; બનેલી-ખરી હકીકત જણાવી દેજો. તમારા થોડા શબ્દોએ તો મારા શરીરમાં ફરી

ચેતન આવ્યું છે ! ઠીક ત્યારે, સાહેબજી !"

જતે જતે, કાન માંડીને તેણે પૂછયું."તમે કોઇનું પગલું-અવાજ સાંભળ્યો?"

" ના. સાહેબ ! "

" મે સાંભળ્યું હતું—આહા ! મારી ભૂલ થઇ નથી; સાંભળો ! " આટલું બોલી તે ધીમે ધીમે બારી પાસે ગયો અને ત્યાંથી નીચેના બાગમાં કુદી પડયો. બારણું ઉઘાડયુ અને બિહારીલાલ તે ડિટેકિટવ પાસે આવી ઉભો. " તમારી પાસે કોણ હતુ ? અહિં તે શું કરતો હતો ?-મને ખાત્રી છે કે મેં એનો અવાજ સાંભળવામાં તો કાંઇ ભૂલ કરીજ નથી. "

" જો તમે એનો અવાજ ઓળખ્યો હોય " રતિલાલે શાન્તિથી જવાબ આપ્યો, "તો કાલે જે વાત બહાર પડવાની તે આજ જણાવવામાં મારે કોઇ પણ પ્રકારનો વાંધો નથી. "

" તમે શું બોલો છો ?" બિહારીલાલે જરા મિજાજથી કહ્યું, "તમે એ માણસના મળતિયા છો ? તમે એને બંગલામાં લાવવાનીજ હિમ્મત કેમ કરી?"

" હિમ્મત કેમ કરી ? બિહારિલાલજી ! એવા શબ્દો સાંભળવાની અમે ટેવ નથી. જો તમે જગતશેઠને ઓળખ્યાજ હોય તો પછી તમે એમના વિષે આવી ઢબથી વાત કેમ કરી શકો છો ? તમે પણ કબૂલ કરશો, કે એમને તો એ ધારે તે વખત અને તે રસ્તે જવા આવવાનો હક છેજ ! "

" જગતશેઠ! શું કહો છો ! કાંઇ ગાંડાબાંઝ થયા છો ? "

" તમે મને હમણાંજ કહ્યું કે મારી સાથે વાતચિત કરનાર માણસનો વાંટો તમે ઓળખ્યો હતો. "

" હા. હા. પણ—એનો પેલા લુચ્ચા ઠગારા ' છટકતા છેલ'નો હતો, જેણે અમને એકવાર પ્હેલાં પણ છેતર્યા હતા. "

રતિલાલનો ચહેરો ગુસ્સાથી કે શરમથી લાલ થઇ ગયો, અને બોલી ઉઠયો, " આહા ! હવે હું સમજ્યો. તેણેજ જગતશેઠનો વેશ લઇ મને છેતર્યો; અને શેઠાણીનુ ઝવેરાત ચોરી જવામાં મને મદદગાર બનાવ્યો. કાંઇ ફિકર નહિં. હજી પણ આપણે એને પકડી શકીશું; હજી બહુ દૂર ગયો નહિ હોય. ચાલો, બિહારીલાલ ! "

" જરા ઉભા રહો, " બિહારીલાલે વિચાર કરી જવાબ દીધો; "આપણે પહેલાં એમ જોવું જોઇએ કે એ કેઇ તરફ જશે. એ પ્હેલી-વાર છટકી ગયો ત્યારે અમે ખૂબ ચોકસાઇથી તપાસ કરી હતી, તેમાં એમ

માલમ પડ્યું હતું કે, નદીમાં એક હોડકું લઇ એ બને એનાં બે માણસો આવેલાં હતાં. પછી ત્યાંથી હોડકું એક જગાએ બાંધી રાખી, એ લોકો અહિં આવેલા; અને નાશી ગયા પછી પણ તેજ રસ્તે તેઓ ગયા હતા. કદાચ એ લોકો આ વખત પણ એમ કરશે. એ બાગમાં થઇને બહાર જશે; પણ આ પાસે એક નાનો દરવાજો છે ત્યાં નદી કિનારો પાસેજ છે, જેથી આપણે કદાચ એની પહેલાં પણ જઇ શકીશું અને પકડી પણ પાડી શકીશું.”

તે બંને જણ ઉઘાડે પગે ત્વરાથી નીકળી પડયા અને બાગ મૂકીને આગળ જતાં નદી કિનારે બે માણસોને એક હોડકામાં કોઇની વાટ જોઇ બેશી રહેલા જોયા. બિહારીલાલનું ધારવું ખરૂં હતું અને ‘ છટકતો છેલ ’ હજી આવી પહોચ્યો નહોતો.

“ આપણે ઠીક આવી પહોચ્યા છીએ, ” બિહારિલાલે કહ્યું, અને તે બંને જણા, એક બે ઝાડ પાસે પાસે ઉગેલાં હતાં તેમને ઓઠે ઉભા રહ્યા.

જરાક વારમાં ‘ છટકતો છેલ ’ આવી પહોચ્યો; તે સપાટાથી દોડતો હતો અને તેણે હોડકા તરફ જવાની દિશા પકડી. બિહારિલાલ તેનાઉપર કૂદી પડ્યો અને સામો થઇ ગયો.

બનાવો, આવે અણિને વખતે, ઘણિજ ઝડપથી પસાર થઇ જાય છે. તે ચોર જરાએ ગભરાય એવો નહોતો. તેણે જરાપણ અટકયાવિના ગુંજામાંથી એક ‘ રિવોલ્વર ’ (છનળીની પિસ્તોલ) બહાર કહાડી, પોતાની સામે થનાર માણસના સામી તાકી, અને તરત એક તીવ્ર અવાજ થયો.

બિહારિલાલના સારા ભાગ્યે રતિલાલ ચોર પકડવામાં ઘણો પાવરધો હતો, અને આવી બાબતના તેના મોટા અનુભવને લીધેજ—રતિલાલ બચી ગયો; નહિ તો તેનું તો આવીજ બન્યું હતું !

તે ડિટેક્ટિવે બિહારીલાલને આગળ પડી ચોરની સામે થવા દીધો હતો; પણ પાછળથી જઇ—તે ન દેખે એવી રીતે પાછળથી તેજ વખતતેણે તેના હાથ પકડી લઇ પિસ્તોલની તાક ચુકાવી દીધી. ગોળી ઉંચી ગઇ અને બિહારિલાલ બચી ગયો ! બંને જણાએ મળી તે ચોરને પકડી લીધો અને પિસ્તોલ પડાવી લીધી.

હોડકામાંના માણસો હોડકું હંકારી નાસી ગયા; અને બિહારિલાલ તથા રતિલાલ પોતાના કેદીને બંગલે લઇ આવ્યા અને ભોંયરામાં પુરી તાળું વાસ્યું.

બિહારિલાલની જીંદગી રતિલાલે બચાવી હતી અને તેથી તેણે જગતશેઠ

તથા કુંજલતા શિવાય બીજા કોઇને આ વાત-ડિટેક્ટિવને ચોરે ચાલાકીથી છેતર્યો હતો તે-ન જણાવવાનું તરતજ વચન આપ્યું. તેથી 'છટકતા છેલ'ને પકડવાનું એક હજાર રુપિયાનું ઇનામ અને શેઠાણી તથા બિહારિલાલ તરફથી કીમતી ભેટો તેને મળી. ઉપરાંત વળી આથી તે ડિટેક્ટિવની આબરૂ ઘણી વધારે વધી, અને પેપરોમાં તથા લોકોમાં જયાં ત્યાં એનાં વખાણુ થવા લાગ્યાં.

'છટકતા છેલ'ની પાસેથી શેઠાણીવાળુ ઝવેરાત નીકળ્યું,—કારણુ તેણે ફક્ત ખાલી પેટી જ પાછી મૂકી હતી,-અને તેને જન્મ દેશ નિકાલની સજા કરવામાં આવી, જેનેમાટે તે તદ્દન યોગ્ય હતો; પરન્તુ સજાનો હુકમ સાંભળ્યા પછી પાછા કેદમાં લઇ જતી વખત જજને અને કોર્ટને આશ્ચર્ય પમાડતો સવાલ પૂછયો હતો કે, "એ તો બધું ઠીક ! પણ હવે મારાતિળાય માને માટે શું ? ખરેખર ! હું તો ધારતો જ હતો કે જો ડિટેક્ટિવને સાથે રાખીશ તો તો બચીજ જઇશ."

રતિલાલ જરા ગભરાયો; મ્હો ઝાંખું પડયું, અને જયારે તે ગુન્હેગારે તેના સામે આંખથી અણુસારો કર્યો ત્યારે તો તેના ગભરાટની સીમાજ ન રહી ! પરન્તુ તે બાબતની વિશેષ વિગત પૂછયા શિવાય 'છટકતા છેલ'ને તુરંગમાં લઇ જવામાં આવ્યો અને એ વાત તે વખતે એટલેથીજ રહી ગઇ.

* * * * *

રતિલાલ તે વખતથી પણુ વધારે વિખ્યાત ડિટેક્ટિવ છે; અને તેમના પ્રસંગમાં આવતાં તથા તેમનો વિશેષ પરિચય થતાં તેમણે કેટલીક બીજી વાતોની સાથે આ વાત પણુ મને કહી હતી. તે બીજી વાર્તાઓ સમયાનુંસાર પ્રકટ કરવામાં આવશે; અહિં માત્ર એટલુંજ જણાવવાનું કે રતિલાલ વગેરે પાત્રોમાંનાં ઘણાં ખરાં હાલ પણુ હયાત છે અને આ વાર્તા ખરી બનેલી છે; ફેર માત્ર જગાઓ તથા નામનો કરવાની જરૂર એટલીજ કે કોઇની પણુ લાગણીઓની વિના કારણુ અવગણુના ન થાય.

જગતશેઠને આવા તથા પોતાની તરફ શેઠાણી કુંજલતાના અતિશય પ્રેમનું આ બનાવોથી સહજજ જ્ઞાન થયું અને હાલ તે પહેલાંના જેટલોજ વિદ્યાવિલાસી રહેવા છતાં પોતાની સ્ત્રી તરફ વિશેષ માન અને પ્રેમની લાગણીઓથી જોવા લાગ્યો.

બિહારિલાને અને રતિલાલને આ કેસમાંથીજ આકસ્મિક મિત્રતાઇ

અંધાઇ તે હજી પણ ઓછી થઇ નથી; અને બિહારિલાલના અભિપ્રાયોને રતિલાલ ઘણીવાર માનનીય ગણે છે. જો કે બિહારીલાલ તેમને પોતાના પ્રાણસંરક્ષક તરીકે હજી પણ અભિનંદે છે.

રતિલાલ વારંવાર "શાન્તિસદન" તરફ ગમન કરે છે, પેકાર બિહારિલાલ હવે તો ત્યાંજ રહે છે. અને રતિલાલ કુંજલતાને બેહેનુનરૂ જ ગણે છે. જગતશેઠ પણ તેમના ત્યાં જવાથી ઘણો ખુશી રહે છે; અને ઘણીવાર કારણ શિવાય પણ તેમને ત્યાં જવાને આમંત્રણો મોકલ્યા કરે છે. 'મહારાજ' વગેરે પહેલાંના 'જગન્નાથ' ભાઇના ઉપર ખુશી હતા તેટલા જ–તેનાથી પણ વિશેષ ખુશી રતિલાલ ઉપર રહેતા જણાય છે. કારણ તે એક સુપ્રસિદ્ધ, ડિટેક્ટિવ હોવા છતાં સર્વની સાથે સમાન ભાવથીજ વર્તે છે.

સંપૂર્ણ.

ત્રણ રત્નો.



રત્ન ૨ જું,

એક નાની સંગ્રહપેટી.

એક નાની સંગ્રહપેટી.

કિશોરલાલ મુંબાઇના એક મોટા કારખાનામાં નોકર હતો. તે બાવીસેક વર્ષનો એક યુવાન હતો પરન્તુ પોતાનીજ હુશિયારીથી તેણે ચાળીસ રુપિયાના માસિક પગારની જગ્યા મેળવી હતી. તેનો બાપ તો તેને બચપણમાં મૂકીનેજ મરણ પામ્યો હતો અને તેની મા પણ બેએક વર્ષઉપર, તેનુ લગ્ન કર્યા પછી તરતજ, કોઇક લાંબી મુદતના અસાધ્ય રોગનો ભોગ થઇ પડી હતી. કમળા પતિને ત્યાં આવી ત્યારે અઢાર વરસની હતી; પરન્તુ એટલી ન્હાની ઉમ્મરમાં તેણે પોતાના પિયરમાં પ્રાપ્ત કરેલ કરકસરપણું, સુનીતિ, વગેરે સદ્‌ગુણોએ તેને એટલી તો મોટી મદદ કરી કે મુંબાઇ પતિગૃહે આવતાં તેના ઘરનું સઘળું કામકાજ ઉપાડી લેવામાં તેને જરા પણ મહેનત કે અગવડ પડી નહિ.

એટલું વળી ઠીક થયું કે કિશોરલાલને કમળા જેવી સ્ત્રી મળી; કારણ એને તો—એ એકલો હતો ત્યારે પણ—પોતાના પગારમાંથી એક પાઇ પણ બચાવવી મુસ્કેલ થઇ પડતી હતી.

થોડા વખતમાંજ પોતાના પતિની આવા પ્રકારની ખામી કમળાના જાણવામાં આવ્યાવિના રહી નહિ. અને કિશોરલાલ પોતાનો બધો પગાર દરમાસે ખરચી નાંખે છે એમ જાણવામાં આવ્યાથીજ તેને મનમાં ક્ષોભ થવા લાગ્યો; કારણ કે તે જાણતી હતી કે થોડા વખતપછી વખતે પોતાના કુટુંબમાં વૃદ્ધિ થવાનો પણ સંભવ હતો અને કવચિત્ પોતાના પતિની નોકરી આવાં ખાનગી ખાતામાં બંધ થાય અથવા થોડા વખતને માટે અટકે, એવો પણ સંભવ હતોજ. આવે સમયે કાંતો ખરચ વધે અથવા આવક બંધ અગર ઓછી થાય; અને તેથી પગારમાંથી કાંઇ પણ બચાવી રાખ્યું ન હોય તો તે વખત મહા વિટંબના થઇ પડવાની ધાસ્તી આવી પડે !

આ ઉપરથી તેણે એક દિવસ ફેરિયાપાસેથી એક નાની ટીનના પતરાની બનાવટની સંગ્રહપેટી—નહાનાં છોકરાંના રમકડા જેવી—વેચાતી લીધી અને કિશોરલાલની ઘરમાં આવતાંજ તેનાઉપર નજર પડે એવી જગોએ મૂકી.

"કેમ આ શું લીધું છે?"—તેણે મેડીમાં પેસતાંજ કમળાને પુછ્યું.

"માળામાં આ નાનું સરખું રમકડું-વેચાવા આવ્યું હતું તે-" કમળાએ મો મલકાવી જવાબ દીધો.

"પણ એનું તું કરીશ શું?" તેણે ફરીથી પુછ્યું.

"હા. હું જરા દાખલા સાથે બતાવું છું," તે પત્ની સ્મિત કરતી બોલી, "ગજવામાં એકાદ પૈસો પડયો છે?"

કિશોરલાલે એક પૈસો કહાડીને આપ્યો. કમળાએ તે લઇ, પેટી ઉપરના પૈસા નાંખવાના એક નાના કાણામાંથી, અંદર નાંખી દીધો.

કિશોરલાલ ખડખડાટ હશી પડયો.

"ઓહો! હવે તો તું પૈસા ભેગા કરવા મંડી; કેમ કંજુસાઇ એ સદ્ગુણ છે?"

"ના. ના.-પણ કરકસર તો છેજ. અને જે તમને બહુ અગવડ કે અડચણ ન હોય તો દરરોજ સવારમાં આ પ્રમાણે કરવાનું તમને હું પુછવાની હતી."

"હેં! દરરોજ આમાં અક્કેકો પૈસો નાંખવો?"

"હા. મને નથી લાગતું કે એમાં તમને બહુ હરકત પડે."

"ના. ના. અક્કેકો પૈસો નાંખવો એમાં હરકત શાની પડવાની હતી?—એક પૈસો કાંઇ બહુ મોટી રકમ નથી. પણ આ પ્રમાણે જે રુપિયાનો ઢગલો એકઠો થશે એનું શું કરવું ધાર્યું છે, તે તો કહીશને?"

"હા. તંગી વખતે કામમાં આવે."

કિશોરલાલ પાછો હશી પડયો. "અને દરરોજ અકકેકા પૈસા લેખે વર્ષ આખરે કેટલો સંગ્રહ થશે?"

કમળાએ ગંભીરાઇથી જવાબ દીધો, "વર્ષ આખરે દરરોજ અકકેકા પૈસા લેખે.—"

"હવે, ચાલ; ગમે તે થાય. હીસાબ મરવા દે! આખો દહાડો એની એજ ભાંજગડ ઓફિસમાંયે કરવીજ પડે છે; અને ઘેર પણ એનું એ?"

"પણ આમ કરવામાં તો તમને કાંઇ પણ વાંધો નથીજ ને?"

"નારે, ના. જરાયે નહિ. મારે પણ કબૂલ કરવુજ પડે છે કે એ ડહાપણ ભરેલી અને ઉપયોગી યોજના છે. પણ તું જાણે છેજ તો, મારૂં મગજ એવી વ્યથાઓમાં ઉતરતાંજ કંટાળે છે."

"હા. એતો ખરૂંજ છે !" કમળાએ જરા હસી જવાબ દીધો.

આ યુવાન પત્નિએ શરૂ કરેલી યોજના બરોબર અમલમાં આણી. ધારેલું કામ શરૂ કરીને પછી થોડાજ દિવસમાં પડતું મૂકે, એ દુર્ગુણ જે ઘણાં મનુષ્યોમાં જોવામાં આવેછે,તેના પંઝામાંથી એને નાનપણનાં સુશિક્ષણ અને અનુભવે બચાવી લીધી હતી. આ બાબતમાં પોતાની ધારણા તદ્દન સારી અને ઉપયોગી છે એમ નિશ્ચય કર્યા પછીજ તે તેણે શરૂ કરી હતી અને શરૂ કર્યા પછી તે પોતાને ઉત્સાહ મંદ થવાદે અથવા પોતાની યોજના પૂર્ણ રીતે અમલમાં ન આણે એવી તેની પ્રકૃતિ ન હોવાથી, તે તેમાં ઘણી સારી રીતે ફત્તેહ પામી. દરરોજ તો પોતાના પતિ પાસેથી અક્કેક પૈસો લેતી અને પેટીમાં નાંખતી. વખતે છુટો પૈસો ન હોય તો ઢબ્બુ પણ નાંખવાને ચૂકતી નહિ. કવચિત્ કવચિત્ ઘરમાં પૈસા થઇ રહ્યા હોય તે વખતે તે બે આની અગર પાવલી પણ પેટીની અંદર નંખાવતાં આંચકો ખાતી નહિ અને જ્યારે કિશોરલાલ જરા વાંધો કહાડવા જેવું કરે ત્યારે હસતે મ્હોંયે એવું કાંઇ કાંઇ બોલતી કે એનો બધો વાંધો સત્વર ઊડી જતો.

કોઇ કોઇવાર કિશોરલાલ તેની સંગ્રહપેટી અને કંજુસાઇની મજાક કરતો, પણ એ બધું એ હસતે મોંયે જવાબ દીધાવિના સહન કરતી. પરંતુ આ દરરોજનો અક્કેક પૈસોજ કમળાના આ સંગ્રહમાં પડતો નહોતો. કિશોરલાલ તેને લુગડાં વગેરેને માટે સારી રકમ પ્રતિવર્ષ આપતો હતો; જોકે ઘણીખરી સ્ત્રીઓને આ રકમ 'સારી' ન લાગે, પરંતુ કમળા પોતાનાં તથા પતિનાં લૂગડાં હાથેજ શીવતી, અને તેથી તે ઘરમાં ઘણે થોડેખરચે લૂગડાંલત્તાંનું સઘળું ખર્ચ પતાવી શકતી.

આ સઘળી કરકસરઉપરથી હીસાબ ગણતાં તેને જણાયું કે, 'હું પણ દરરોજના પૈસા જેટલી વાર્ષિક રકમ આ સંગ્રહમાં ઉમેરી શકીશ'— પરંતુ આ સઘળું તેણે કિશોરલાલને નહિ જણાવતાં, કોઇક વખત પોતાના સંગ્રહની એકઠી થયેલી રકમથી તેને આશ્ચર્ય પમાડવાનો તેણે નિશ્ચય કર્યો.

દરમાસની છેલ્લી તારીખે આ ટીનની પેટી ખાલી કરવામાં આવતી અને કમળા તેમાંના એકઠા થયેલા સંગ્રહને પોસ્ટઑફિસની સેવિંગ્ઝ બેન્કમાં સાધારણ વ્યાજે મૂકી આવતી. આ રકમમાં પોતાનો પતિ જે તેને હાથ ખરચીને માટે વારંવાર નાની મોટી રકમો આપતો તે તથા એવી બીજી પરચુરણ મળીને જ્યાં સારી રકમ થતી કે, કમળા, જેનામાં કામકાજની

સારી માહીતી તથા હુંશિયારી હતી, તે વધારે સારું વ્યાજ ઉપજે એવી રીતે તે સંગ્રહિત થયેલાં નાણાંનો વ્યવસ્થા કરતી. આ પ્રમાણેની તેની ગોઠવણ વિશે તો તેનો પતિ તદ્દન અજ્ઞાતજ હતો. તે એક આનન્દી, બેદરકાર, ભલો માણસ હતો, અને આવતી કાલની વાત તે વખત થઇ રહેશે એમ માની, ભવિષ્યવિશે જરા પણ વિચાર દૃષ્ટિ ફેંક્યાશિવાય વર્ત્તમાનમાંજ નિરાંતે મઝા મારી લેવી, એવીજ વૃત્તિઓ તેનામાં દૃષ્ટિગોચર થતી.

આમને આમ આઠેક વર્ષ-નિરાંત, સુખ અને આરામનાં વર્ષ-વહી ગયાં! તબિયત સુખ શાન્તિમાં રહેતી હતી અને બંનેનો પ્રેમ પરસ્પર એવો ને એવોજ સુદૃઢ હતો. કમળાને કાંઇપણ ફરજંન્દ થયું નહોતું, તેમ તે બાબતની -સામાન્ય જનમંડળમાં જોવામાં આવે છે એવી-જરા પણ ચિન્તા આ-પતિ પત્નિને હતી નહિ. અને જોકે કિશોરલાલનો પગાર પચાસ રુપિયા થયો હતો તોપણ-તેને માંથે કાંઇ પણ દેવું થયું નહોતું તેમ-તેની પાસે કાંઇ પણ પૈસો એકઠો થયો નહોતો. આઠ વર્ષને આખરે હીસાબની ચોપડી જોતાં આઠ પાઇ સિલિકે રહેલી માલમ પડી.

“ આહા! સરભરજ ચાલ્યું આવતું લાગે છે નેં?” તેણે કમળા તરફ હસતે મોંહે ફરીને કહ્યું. “હજી હું દેવામાં ઉતર્યો નથી એટલો તો હુશિયાર છુંજ. પણ તેં તો કદાચ મ્હોટી રકમ એકઠી કરી હશે.” “કેટલી મોટી?” તે પતિએ પૂછ્યું. “હેં! વખતે સોએક રુપિયા પણ હોય! પણ સો રુપિયા એકઠા કરવાને પૈસા તો બહુજ જોઇએ.”

કમળાએ મ્હોં મલકાવ્યું, પરંતુ તેણે આ બાબતનો જરાએ ખુલાસો કરવાની વૃત્તિ બતાવી નહિ.

આમને આમ સરભર ખાતું વળી બીજાં ત્રણેક વર્ષ ચાલ્યું, એવામાં સને ૧૮—નું શેરની ગાંડાઇનું વર્ષ આવી પહોંચ્યું! આ વખત જેમની સ્મૃતિમાં હશે તેમને તો ખબરજ છે કે દરેક ધંધાને તથા દરેક પ્રકારના કારખાનાને તે વખતે સખ્ત ધોકો લાગ્યો હતો અને એમાં કિશોરલાલના કારખાનાને પણ આ અસાધારણ વ્યાપારની “મંદી” ની અસર થઇ.

એક સાંજે, તે ખરેખરો વિચાર નિમગ્ન ઘેર આવ્યો;-આવું ચિન્તા સિલતાનું ચિન્હ તેના ચહેરા ઉપર કવચિતજ જોવામાં આવતું.

કમળાને વખતની બારીકીની ખબર હતી, અને પોતાના પતિના ધંધા-ને પણ આવા હાડમારના સમયમાં સખ્ત જોખમ લાગશે એમ પણ તે

ધારતી હતી.

" શું છે—કાંઇ નવું જુનુ થયું છે ?" તેણે જરા સ્મિત કરીને પૂછ્યું.

" હા. જરા એમ છે ખરૂં. આપણે વધારે કરકસરથી ખર્ચ કરવુંપડશે."

" કારખાનામાં ધંધાને કાંઇ જોખમ લાગ્યું, લાગે છે ?"

" હું તો ધારૂં છું કે થોડા વખતમાં ધંધાને એક જબરો ધક્કો લાગશે. હમણાં થોડાક વખત સુધી મને અડધો પગારજ મળશે; તે પણ વખત જતાં બંધ થવાની વકી છે. તને ખબર નહિ હોય કે બધી જાતના કામને ' શેર મેનિયા ' (શેરની ગાંડાઇ) થી કેટલું નુકશાન થયું છે. "

" હા. મને એ બધી બાબતની ખબર છે, " કુમળાએ સ્વસ્થ ચિત્તથી જવાબ દીધો, " હું પેપરો બરોબર વાંચું છું, એટલે આવા પ્રકારની વાત લક્ષ બહાર જતી રહેવાનો સંભવ ઘણો થોડોજ છે. અને હું પણ કારખાનાને વહેલું મોડું પણ જોખમ લાગશે એમ ધારીનેજ બેઠા હતી."

" ત્યારે તને લાગે છે કે આપણે આપણું ખરચ અર્ધું કરી શકીએ?" કિશોરલાલે અનિશ્ચિત અવાજથી પૂછ્યું.

" હા. હું ધારૂં છું કે તેમ કરવું મુશ્કેલ નથી. આપણાં બંને જણને પૂરતાં કપડાં છે એટલે એકાદ વર્ષ સુધી તો એક પણ નવું કપડું લીધા શિવાય ચાલશે. આથી જાણે એક મોટું ખર્ચ તો ઓછું થશે જ અને પછી જાણે-તમે વખતો વખત મારે માટે કાંઇ સારી નવી નવી વસ્તુઓ જુવો છો તે લાવો છો એ બંધ કરશો,-એટલે આપણે સાદાઇથી સારી રીતે રહી શકીશું, અને સ્વાદિષ્ટ ખોરાક પાછળ ઓછું ખર્ચ કરી શું, એટલે તમારા અર્ધા પગારમાંજ ખર્ચ નભી રહેશે અને સાદા ખોરાકથી શરીર પણ વધારે તનદુરસ્તજ રહેવાનો સંભવ છે. "

" તું પણ જબરી હીસાબી મગજવાળી છે, હો !" કિશોરલાલે મનમાં વધારે સ્વસ્થતા પામી કહ્યું, " તેં કહ્યું એ ઉપરથી તો એમજ લાગે છે કે અર્દ્ધા પગારથી કામ ચલાવી લેવું એટલું બધું અઘરૂં થઇ નહિ પડે. હમણાં તો ચાલશેજ પણ—" તેણે પાછું વિચારમય મુખમુદ્રાથી કહ્યું—" પણ પછી જો કદાચ કામ સમૂળગું બંધ પડે તો શું કરીશું?—એમ થાય તો તો, મને પણ નથી લાગતું કે તું આપણું ખર્ચ પગારશિવાય જ ચલાવી શકે."

" ના. ના. એટલું બધું કરવું એ મારી શક્તિની બહારજ છે, " કુમળાએ હસીને ઉત્તર આપ્યો;" પણ એમ થાય તોપણ વિશેષ ચિન્તાનું કાં-

કાંઇ કારણુ નથી. તમે આપણી સંગ્રહપેટી ભૂલી ગયા ? "

"ખરે! એ તો મને સાંભરીજ નહિ." કિશોરલાલે કહ્યું, "પણુ તોયે શું થયું ? એથી તો બહુ થાય તો વળી એકાદ મહિનો ખેંચી કુહાડાય !"

કુમળાએ મોં મલકાવ્યું.

"પણુ તમે શાથી જાણ્યું કે એકાદ મહિનામાં પાછું કારખાનું થાળે નહિ પડે ? "

"હા. એ તો ખરૂં છે," કિશોરલાલે કહ્યું, "મને પણુ લાગે છે કે એકાદ મહિનામાં તો પાછું બધું ઠેકાણે પડશે. એટલે હવે એ બાબત હાલ-વધારે મિથ્યા ફિકર કરવાની કાંઇપણુ જરૂર નથી !"

પણુ તેની ફિકર આખર ખરી ઠરી ! એકાદ માસમાં તો સઘળાં કારખાનાં બંધ થઇ ગયાં અને માણસોને અર્દ્ધા પગાર પણુ મળતો અટકી પડયો: અને સઘળા નોકરોને થોડા વખતને માટે તો ઘેરજ બેસવું પડ્યું !

જો કે આમ થશે એવી તેને ધાસ્તી હતી તોપણુ-જ્યારે તે પ્રમાણે તાદૃશ થયું ત્યારે કિશોરલાલ પાછો નિરાશ અને ચિન્તાશીલ થઇ ગયો. તેણે કુમળાને આ વિપત્તિની સર્વ હકીકત કહી, સમજાવી. "અને વળી તેમાં સહુથી મોટું દુઃખ એ છે કે આવતા શિયાળા'સુધી કામ ફરીથી ઉઘડે એમ લાગતું નથી," તેણે નરમ ચહેરે કહ્યું.

"પણુ તમને ખાત્રી છે કે શિયાળામાં કામ પાછું શરૂ થશેજ ?" તેની પત્નીએ પૂછયું.

"હાસ્તો. ત્યાં સુધીમાં તો કામ ફરીથી શરૂ થવુંજ જોઇએ. પણુ આપણે ત્યાં સુધીમાં-પાંચ છ મહિના શું કરવું, એ બાબતની મને કાંઈપણુ સમજણુ પડતી નથી."

"પણુ મને સમજણુ પડે છે." કુમળાએ શાન્ત મુખાકૃતિથી ઉત્તર દીધો.

"તને ?" તેનો પતિ આશ્ચર્યથી બોલી ઉઠયો.

"હા. તમારી વાર્ષિક ઉપજ છસ્સેં રુપિયા કરતાં તો વધારે હતીજ નહિ, એટલે મને લાગે છે કે આપણે અઢીસો રુપિયામાં છએક મહિના તો સારી રીતે ચલાવી શકીશુંજ."

"હા. હા. એ તો નક્કિજ છે. પણુ એટલા બધા રુપિયા લાવવા ક્યાંથી ? મારો દેવું તો કરવાનો વિચારજ નથી; અને કદિ તેમ કરવાનું ધારૂં તોપણુ મને રુપિયા ધીરે કોણુ ?"

"સારે ભાગ્યે તેમ કરવાની કાંઈ પણ જરૂર નથી," કમળાએ જવાબ દીધો, "તમે પાછી આપણી નાની સંગ્રહપેટી ભૂલી ગયા લાગો છો."

"પણ એમાંના પૈસાના અઢીસેં રૂપિયા થયા છે?" કિશોરલાલે આશ્ચર્ય પામતાં પૂછ્યું.

"હા. અને બીજા છસેં રુપિયા."

"તું મશ્કરી કરે છે?"

"જરા ઉભા રહો, એટલે તમારી ખાત્રી કરી આપું."

કમળાએ પોતાની પેટી ઉઘાડી અંદરથી એક બે બેંકની ચોપડીઓ કહાડી, લગભગ નવસેં રુપિયા જેટલી રકમ કિશોરલાલને બતાવી.

"હેં! ખરૂં કહે છે કે તું પિયરથી કાંઇ સારી રકમ નહોતી લાવી?" તેણે પૂછ્યું "ખરે! નિત્યના અકકેકા પૈસાથી તો આટલી મોટી રકમ એકઠી નહિ જ થઇ શકી હોય!"

"ના. પણ નિત્યના બે પૈસા અને વખતો વખતની નાની મોટી વધારાની રકમોના સંગ્રહનુંજ આ ફળ છે. મને લાગે છે કે હવે તો આપણે છએક મહિના ખેંચી કહાડી શકીશું, કેમ ખરૂં કની?" કમળાએ આંખોના મસ્તીખોર ચાળા કરી, હસી પડતાં કહ્યું.

"ખરેખર! આ સઘળું તારા ડહાપણનું અને શાણપણનુંજ ફળ છે!" કિશોરલાલે આભારની દૃષ્ટિથી તેની સામું જોઇ જવાબ દીધો.

કિશોરલાલવાળું કારખાનું વસંતઋતુમાં પાછું ઉઘડ્યું, કામ તાજુ થઇ બરોબર ચાલવા લાગ્યું, અને તેનો પહેલાંનો પગાર પાછો તેને મળવો શરૂ થઇ ગયો. કમળાના સંગ્રહમાંથી બે તૃતિયાંશ હજી બાકી હતો, અને હવે પછીથી કિશોરલાલ પણ તેમાં વધારો કરવાને કમળા કરતાં કાંઇ ઓછો ઉત્સુક નહોતો.

પેલી નાની સંગ્રહપેટી હજી પણ એની એ જગોએ છે, અને નિત્યનો પૈસો લેવાને ચૂકતી નથી. ઉપરાંત વળી કિશોરલાલ પણ પ્રતિમાસે તે સંગ્રહમાં પોતાના પગારમાંથી દસ રુપિયાની રકમ ઉમેરતો રહે છે અને કમળાને થોડા વખત ઉપર થયેલાં બે બાલકો–એક પુત્ર અને એક પુત્રી–નાં ભવિષ્યનાં ખર્ચો પણ તેમાંથી ઘણી સારી રીતે નીકળી જશે, એમ આશા રાખી શકાય છે.

(સંપૂર્ણ.)

ત્રણ રત્નો.



રત્ન ૩ જું,

કામજીતેન્દ્ર વિજયાવિજય.

કામજીતેન્દ્ર વિજયા વિજય.

પૃથ્વીઉપરનાં તમામ જળાશયોના રસનું પાન કરી, રવિરાજનાં કિર્ણો-દ્વારા, આકાશમાતાએ જે ગર્ભ ધારણ કર્યો હતો, તે ગર્ભનો પ્રસવ ક્યારનોએ થઇ ગયો હતો અને હવે તો શરદ્ઋતુના પણ થોડાજ દહાડા અવશેષ રહ્યા હતા. વસંતઋતુને આવાગમન સમયે યોગ્ય માન આપવાની સર્વ ગોઠવણ કુદરતે હાલ તો કરવા માંડી હતી. વૃક્ષોને નવી નવી કુંપળો ફુટવાની શરૂઆત થઇ ગઇ હતી. સૂર્યની શોનેરી રંગની ભપકાદાર તડકી આ કુંપળોને સુવર્ણવર્ણી બનાવી, કુદરતની શોભામાં વિશેષ વૃદ્ધિ કરતી હતી. મંદમંદ મીઠા પવનની લ્હેરથી નવ પલ્લવો આમ તેમ હીંચકો ખાતાં હતાં અને તે વખતે તેઓ વસંતને જલદી આવવા વિનંતી કરતાં હોય એમ સ્પષ્ટ જણાતું હતું.

ઉપરના આનંદ અને સુખનો અનુભવ કરતી એક તરૂણબાળા પોતાના પિતાના બગીચામાં સ્નાનવિધી પૂર્ણ કરી, પોતાની એક સખીસાથે ફુવારાને અઢેલી ઉભી ઉભી સૃષ્ટિસૌન્દર્યનો વિચાર કરતી કુદરતી કૃતિમાં લીન થયેલી હતી.

તેના પોશાક ઉપરથી તે એક વણિક જ્ઞાતિની પંદરેક વર્ષની વયની કુંવારી બાળા હોય એમ જણાતું હતું, ને હતું પણ તેમજ. સૃષ્ટિસૌન્દર્યના આવા અવર્ણનીય દેખાવથી આ બાળાનું મન હવે ઉમ્મરના પ્રમાણમાં કાંઇક વ્યગ્ર થતું હતું, પોતાના કોમળ હાથની ટચલી આંગળી પાસેની આંગળી, પોતાના પરવાળા જેવા હોઠને લગાડી તે વિચારમાં લીન થયેલી હતી.

તેની ખુબસુરતી, વય અને પોશાક એવાં આકર્ષણીય હતાં કે ગમે તેવા કામજીતેન્દ્ર પુરૂષને પણ એ ઘડી તે ભાન ભુલાવ્યાવિના રહેજ નહીં. અત્યારે તેણે આકાશી રંગની, ગુલેનાર રંગના નેફાવાળી ઘાઘરી પહેરી હતી, ને આ રેશમી ઘેરવાળી ઘાઘરીને નાચે ફરતી જેપુરી તોઇ મુકી શોભામાં વધારો કરવામાં આવ્યો હતો. ફક્ત અંબોડાના આધારેજ માથા પર ટકી રહેલી તેની ગુલાબી, સતારાની કોરવાળી સાડી, તેના પિતાનું શ્રીમન્તપણું બતાવી આપતી હતી. તેની પોપટીઆ રંગની ચોળીમાંથી પરાણે

બહાર નીકળવાને કોશેશ કરતાં સ્તનયુગ્મો આમ્રફળને એવી સહેલાઇથી ગળતાં આવતાં હતાં કે તે તેની સખિનાં મશ્કરીનાં સાધનો બન્યાં હતાં. તેની પાસેજ તેની સખિ **સુમતિ** ઉભેલી હતી. અચાનક એક પક્ષી આપણી વાર્તાની નાયિકા **વિજયા** પાસેથી ઉડી ફુવારા તરફ ગયું. સુમતિને મશ્કરીનું સાધન હાથ લાગ્યું. પોતાની સખીના ખભાઉપર હાથ રાખી પેલા પક્ષીતરફ આંગળી રાખી, તે દેખાડતી તે બોલી:—

" વિજયા, બહેન ! જો જો ? પેલા પક્ષીએ બીચારાએ કેવી જબરી ભુલ કીધી ! આ તારા પયોધરો અમૃતફળની માફક ગોઠવાઈ ગયાછે તે જો તો ખરી ! તે પક્ષીને અમૃતફળનો સ્વાદ લેવા ઇચ્છા થઇ હશે. આવી ઇચ્છાથી તે તારી તરફ ઉડીને આવ્યું ને આ તારા પયોધરસમિપ પહોચ્યું. અમૃતફળ જાણી તેને ચાંચ મારી ફોલવાની તેની ઇચ્છા મારા જાણવામાં આવી. હું તેને તે તરફથી દૂર કરવા કાંઇપણ યત્ન કરૂં તે દરમિયાન તો તે કાંઇ અવાજથી પેલા ફુવારા તરફ ઉડી ગયું. જોયું બહેન ? માટે હવે તો તું ઘરમાંજ રહેતીજા, બહાર ન નીકળ: આ તો ઠીક થયું તે હું તારી પાસે હતી ને વળી તું પણ ઉભીજ હતી; પરંતુ જો તું અગાશી જેવા સ્થળમાં એકલી સુઇ ગઇ હોય તો મહા પંચાત થાય. પક્ષીજેવા ભુલ ખાય તો અન્યને માટે પુછવું શું ? મારે તો વિજયશેઠને આ બાબત ભલામણ કરવી પડશે કે તમારે અમારી સખિને કદી અગાશીમાં એકિલાં પોઢવા ન દેવાં. માફ કરજો. બહેન ! એ તો અમારી મશ્કરીઓ એવી હોય."

" સુમતિ બહેન!" વિજયા શરમાતી શરમાતી બોલી " તને તો હમેશ આવીજ રીતે મશ્કરી કરવાની ટેવ પડી છે. પણ પછી ત્યાં ગયા પછી મારી મશ્કરીઓ કરવા કોણ આવશે ? મને તો તારાવિના ત્યાં નહીંજ ગમે હો. હું એકલી ત્યાં કેમ રહી શકીશ ? સખી તે દહાડા તો હવે આવતા જાય છે. આજ પોષ વદિ ત્રીજ–ચોથ થઇ હશે ને લગ્નનું મહાશુદિ સાતેમનું શુભ મુહૂર્ત છે. બહેન તારૂં સુખ ને તારી મશ્કરીઓ તો મને હમેશ યાદજ આવ્યા કરશે. "

" બહેન, ગભરા નહીં " સુમતિ વિજયાને ભેટી પડી બોલી " બહેન આપણી બાળાઓની જીંદગી સાસરે સ્વામિસેવામાં ગળાય ત્યારેજ શોભે. બાપના ઘરમાં પડી રહીએ તો આપણે શું શોભીએ બહેન ? ખરૂં બોલજે-હું

જોને જ્યારે પરણી ત્યારે કેવી રડતી હતી, પણ તે પહેલીજ વખત. સાસરે જવું એ તો આપણો ધર્મ છે, તે વિના સ્વામિસેવા શી રીતે બની શકે ? પણ બહેન ! વિજયશેઠ જેવા કરોડપતિને ત્યાં પત્નિ તરિકે જઇ પછી તું મને યાદ તો કરીશ ને ? જો ! જો ! આ સામેના ઉંચા વૃક્ષતરફ નજર કર. આ પેલી સુંદર લતા તે વૃક્ષને બાથ ભરી કેવી વીંટાઇ રહેલી છે ? જોઇલે બરો-બર ! તારે પણ આ સુભાગ્યણી વેલી જેવો વખત આવશે અને પછી તારે શરમરૂપી પડદો તોડી પ્રિય ભરથારને પ્રેમથી એવીજ રીતે વળગી રહેવું પડશે અને ત્યારેજ તું પૂર્ણ ભાગ્યશાળી બનીશ. અને જ્યારે આવી રીતે તું કોઇ દીવસ પતિસાથે આના બાગમાં ઉભી હોઇશ ને આવી રીતે કૃષ્ણરંગી કોયલના મધુર શબ્દો સાંભળી આનંદ સરિતામાં તણાતી હોઇશ ત્યારેજ ખરા પ્રેમ રહસ્યનું તને ભાન થશે. હજુ તેં ઘર બહાર પગ મુક્યો નથી એટલે તે લેઝતની જોઇએ તેવી તને માહિતિ નજ હોય. પછી તો વર ઘેલી થવાની ને સખીને બોલાવવાની પણ નહીં. ! ખરૂં કે સખિ, વિજયા ! બોલ તો ખરી. હવે તો રાત નાની ને વેશ ઝાઝા. હવે તો સાસરાની તૈયારી ને તેના વિચારમાંજ ગુંથાવું પડશે ને બહેન તારે!”—

“બહેન, સુમતિ” વિજયા શરમાતી અચકાતી બોલી “શું તું બોલી બકી જાઇ ? હું વિજયા તારો પ્રેમ, સખિભાવ અને ઉપકાર કદિ વિસરી જાઉં તે તો તારે મનમાં પણ ન લાવવું. સમજી ? તારા વિરહના દુઃખ માટે હું અત્યારથીજ વિચારમાં છું ત્યાં તું આવા ઉતાવળીઆ વિચારથી ખોટા ખોટા વિચાર ન બાંધ ! તું તો મારી સગી બહેન છે. તને તે કદી ભુલું બહેન!”—

“ ના, વિજયા ” સુમતિ વિજયાને અટકાવતી બોલી “ એ તે શું ! હું તો મશ્કરી કરતી હતી તેમાં આટલું માઠું શું લગાડવું. સખીઓ તો લગ્નસમયે આવી કેટલીએ મશ્કરીઓ કરે. તેમાં માઠું શું લગાડવું.?”

“ ના સુમતિ ” વિજયા બોલી “ હવે કદી હું માઠું લગાડીશજ નહીં. હશે પણ અહીં જ્યારે ગુણવંત ગુણનાભંડાર શીરોમણી તપસીજી મહાસતિજી પધાર્યા હતા ત્યારે તારી અને માલતિની સલાહથી **દરેક માસના શુકલપક્ષના પંદર દિવસ બ્રહ્મચર્ય પાળવા જ-મસુશ્રીની મેં ઇશ્વર સાક્ષીએ પ્રતિજ્ઞા લીધી** પણ જો આ વાત તારા તરફથી કોઇને જણાવવામાં ન આવે તેની પુરતી સાવચેતી રાખજે; કારણ આવી વાતો સાંભળી લોકોમાં કેટલાએક સારૂં બોલે ને કેટલાએક માઠું પણ બોલે; માટે વાત છાની રહે

તેમાં માલ છે પણ પતિઆજ્ઞાવિના મારા તરફથી થયેલા આ કાર્યમાં તેમની સંમતિની મારે આવશ્યકતા હતી. પણ હશે થયું તે ન થનાર નથી. વળી મારા શ્વસુરપક્ષના સર્વે કોઇ બ્રહ્મચર્ય અને શિયળનો મહિમા જાણે છે તેથી જો તેઓ આ વાત જાણે તોપણ કશો બાધ નથી. બનતાસુધી કોઇ આ વાત ન જાણે એવી હું તજવીજ તો રાખીશજ. પણ આ વાત પતિથી તો છુપી નજ રહી શકે, તેમ છતાં મને ખાત્રી છે કે આ સંબંધી તેઓ તરફથી મને જરા પણ ઠપકો મળશેજ નહીં કારણ તેઓ પોતે પણ બ્રહ્મચર્યના શુભ ફળને જાણનારાળા છે."

ઉપર પ્રમાણે વાતચીત કરી બન્ને સખિઓ ઘરમાં ગઇ અને ત્યાંથી સુમતિ, વિજ્યાની રજા લઇ પોતાના ઘરતરફ રવાના થઇ. વિજ્યા ગૃહકાર્યમાં પરોવાઇ.

લગ્નના દિવસો આવી પહોચ્યા. લગ્નની તૈયારીઓ થવા માંડી. હાલના હિંદુઓ—અને તેમાં વિશેષે વણીકજ્ઞાતિમાં કરજ કરીને પણ વિવાહ સારી રીતે કરવાનો રીવાજ છે તો આ એકતો વણીક જ્ઞાતીના અને વળી શ્રીમંત શેઠ હોવાથી વિજ્યાના લગ્નસંબંધી ઉમદા શણગારોથી સર્વ તૈયારીઓ શરૂ થઇ.

લગ્નની આ વાતથી વચ્છ દેશમાં કૌસમ્બીનગરીના નગરશેઠને ત્યાં લગ્નપત્રિકા મોકલી વાકેફ કર્યો. નગરશેઠને ત્યાં પણ પુત્રવિવાહની સર્વ તૈયારીઓ થવા માંડી. પોતાના વનિતગુણવંત પુત્રના વિવાહમાં શેઠે પોતે શ્રમ લઇ સર્વ તૈયારીઓ કરવી શરૂ કરી.

નગરશેઠનો માનીતો પુત્ર **વિજયશેઠ** જેના વિવાહમાટે સર્વ તૈયારીઓ થઇ રહી હતી અને જે વાંચનારે વાર્તાની શરૂઆતમાં જોયેલ બાળા **વિજ્યા**ને માટે નિર્માણ થયેલો પતિ હતો, તે, લગ્નનો દિવસ સમિપ હોવાથી હીંદુસંસારના રિવાજમુજબ આભૂષણોથી પોતાનું શ્રીમન્તપણું બતાવી આપતો, અત્યારે કૌસમ્બીનગરીના ભરબજાર વચ્ચે થઇ પોતાના એક સ્નેહી સાથે ગાડીમાં બેસી ચાલ્યો જતો હતો. તેની ઉમ્મર આશરે વીસેક વર્ષની હતી. તેનું શરીર વ્યાધિરહિત હોવાથી અર્વાચીન શ્રીમન્તોના પુત્રો જેવું એકવડીઉ નહીં હતું, પરંતુ તેની લંબાઇમાં શોભે તેવી રીતે ભરાયલું હતું. તેનું વિશાળ કપાળ તે બુદ્ધિમાન છે એમ બતાવી આપતું હતું. આટલી ઉમ્મર સુધી બ્રહ્મચર્યવ્રતની ઉમદા શીખામણ હૃદયમાં કોતરી રાખી તે, વિષયને રસ્તે ચડ્યોજ ન હતો. તેના સોબતીઓ પણ તેને મળતાજ મતના અને

બ્રહ્મચર્યની મહત્તાને સમજવાવાળા હોવાથી તે બ્રહ્મચર્ય સંબંધી પોતાની ટેક સારી રીતે જાળવી શકયો હતો. અર્વાચીન શ્રીમન્તનો વીશ વર્ષનો એકવડીઆ શરીરનો એક પુત્ર આટલી ઉમ્મરમાં હાજીહા મિત્રોની શીખવણીથી કેવો વિષયાંધ થઇ ગયો હોય તેનો વિચાર વાંચનારને સહેજ આવ્યા વિના રહેશેજ નહીં.

"વિજયભાઇ!" તેની સાથે બેઠેલા તેના મિત્રે કહ્યું "આજ તો સોમવાર થયો ને તિથિ પોષ વદિ અમાસ, ઠીક. ત્યારે લગ્નને તો હવે ફક્ત સાત દહાડાજ રહ્યાને.? આવતે સોમવારે તો લગ્ન છે. ને આપણે અહીંથી રવિવારના સવારેજ નીકળવું પડશે. ઠીક. હું પણ હવે સર્વ તૈયારીઓ કરવા માંડુ. સ્નેહિના લગ્નમાં સગાં કરતાં સ્નેહિઓને વધારે માણવાનું હોય છે કારણ અમે તો તમારી સાથેજ રહેવાનાને."

"હા નરસિંહલાલ" વિજયશેઠ પોતાના મિત્રને જવાબ આપતો બોલ્યો "સ્નેહિના આનંદમાં ભાગ લેવો એ સ્નેહિની ફરજ છે. આપ મારા સુખ દુઃખના સાથી અને સ્નેહિ મિત્ર છો. આપના મારાઉપર કેટલા કેટલા ઉપકાર થયા છે. હું તો આપના આભારના બોજાતળેજ દબાઇ ગયોછું. આપના ઉપકારોનો બદલો હું આ જીવનમાં વાળી શકવા શક્તિવાન થવાનોજ નથી. અહા ! કેવી તમારી ઉમદા શીખામણો !"

"ખરૂં મિત્ર વિજય!" નરસિંહલાલ બોલ્યો "મિત્રની ફરજ છે કે મિત્રનું ભલું કરવું, મેં મારી ફરજ કરતાં કશું વિશેષ કર્યું નથીજ, ને તેમાં આભાર અને ઉપકારનો બોજો માથાઉપર રાખવાની કાંઇ આવશ્યકતા નથી. ગમે તેના ભલાને અર્થે આપણાથી બને તેટલું કરવું એવી ઇશ્વર પ્રત્યેની આપણી ફરજ છે તો એક સ્નેહિનું ભલું કરવા પછાત પડવું કેટલું શોચનીય કહેવાય? માટે મફતના આભારના ઉદ્‌ગારો ન કહાડ ! તેમાં આભાર માનવા જેવું કશું છેજ નહીં."

"નહીં કેમ ?" વિજયશેઠ બોલ્યા "આભારતો જેટલો માનું તેટલો થોડોજ છે. આપની સોબતથી મારો તો જન્મારોજ સુધરી ગયોછે. જુવોને તે દિવસ તમે ગુરૂમહારાજશ્રી પાસે મને દરેક **માસના કૃષ્ણ પક્ષના પંદર દિવસ બ્રહ્મચર્ય પાળવા જન્મસુધીની ઇશ્વરસાક્ષીએ જે પ્રતિજ્ઞા** લેવરાવી છે તેથી શું તમે મારૂં ઓછું શ્રેય ઇચ્છયું છે?"

"વાહ ! તેમાં વિશેષ મેં શું કર્યું ?" નરસિંહલાલ બોલ્યા "વિષક્ર

વિગેરે દુર્ગુણોમાંથી પોતાના સ્નેહિઓનું વલણ ઓછું કરી તેઓનુ શ્રેય ઇચ્છવું એજ સ્નેહિની ખરી ફરજ છે ને તે ફરજ મેં અદા કરી છે તેમાં મેં કશું વિશેષ નથી કર્યું."

ઉપર પ્રમાણે મિત્રો વાર્તા-વિવેચન કરતા ચાલ્યા જતા હતા.

લગ્નના દિવસો આવી પહોંચ્યા. શેઠની શ્રીમન્તાઇ પ્રમાણે જાન પરણવા ગઇ. જાન અને જાનૈયાનું વિવિધ વિવેચન આપી વાંચનારને વધારે કંટાળો આપવો યોગ્ય ન ધારી વાંચનારને એટલીજ સૂચના કરવી પુરતી છે કે તેઓએ એક શ્રીમન્ત વણિકની બહારગામ જતી જાનનો ચિતાર મનમાં લાવવો.

હિંદુ રિવાજમુજબ વિજયશેઠ અને વિજયાનાં નિર્વિઘ્ને લગ્ન સંપૂર્ણ થયાં. લગ્ન સમયની વિધિઓથી વાંચનારાઓ વાકેફગાર હોયજ અને તેથી અત્યારે તેનું પુનઃ સ્મરણ કરાવવું આવશ્યક નથીજ.

કૌસમ્બીનગરીના નગરશેઠની વિખ્યાતી અને ભલમનસાઇ એટલી બધી હતી કે પોતાના પુત્રને પરણાવવા આવતાં કુળની આબરૂ પ્રમાણે લ્હાણી તથા વરોઠી વગેરે કર્યાવિના જવાય નહીં. વરોઠી અને લ્હાણી બહુ સારી રીતે થઇ એટલે તે ગામના અન્ય શેઠીઆઓએ એક એક દિવસ જાનને પોતાને ત્યાં રોકી. પાંચ દહાડા પોતાના વેવાઇને ત્યાં રીવાજ મુજબ રહી, બીજા પંદર દહાડા નગરશેઠને તેજ ગામમાં રહેવું પડયું.

જ્યારે વિજયશેઠની જાન કૌસમ્બીનગરીમાં પ્હોંચી ત્યારે કૃષ્ણુપક્ષની વદી બારશ અને સોમવારનો દિવસ હતો. બહુજ ધામધુમથી જાનનું સામૈયું કરી જાન સાંજના સાત વાગતે નિર્વિઘ્ને નગરશેઠને ઘેર પહોંચી. સર્વે જાનૈયાઓ અત્યારે નગરશેઠને ત્યાં ભોજન લઇ પોતપોતાને સ્થાનકે વીખરાઇ ગયા.

વિજયશેઠ પોતાના માતપિતા અને સગાંસ્નેહીઓને સ્નેહપૂર્વક નમન કરી તેઓનો શુભ આશીર્વાદ મેળવી, દંપતિમાટે જે નિરાળું શયનગૃહ નક્કી કરવામાં આવ્યું હતું ત્યાં આટલી વયસુધી કદી પણ અનુભવ ન મળેલ એવી પોતાની અર્ધાંગનાની અમૃત વાણીનું પાન કરવા હર્ષથી ગયો. અને પહેરેલ કપડાં ઉતારી ફક્ત એક હીરકોરી ધોતી તથા એક બંડી પહેરી રાખી નવિન દમ્પતિને માટે નિર્માણ કરેલા નવા પલંગપર પગપર પગ ચડાવી દ્વારતરફ નજર રાખી, હૃદયહારિણી હવે મળવા આવશે ને હજુ તો 'વ્રતના ત્રણ દિવસ બાકી' છે તો શા

રીતે જવાબ આપવો તેનો વિચાર કરતો સ્થિર બેઠો.

"વ્રતના ત્રણ દિવસ બાકી" એ શબ્દોથી વાંચનાર મુંઝવાડામાં ન પડે માટે તેની સમજણ પ્રથમ પાડવી જોઇએ. વાંચનારને માલમ હશે કે જ્યારે કૌસમ્બીનગરીની ભરબજારમાં વિજયશેઠ અને નરસિંહલાલ ગાડીમાં બેસી ફરવા જતા હતા ત્યારે તેમની વચ્ચે શી વાતચીત થઇ હતી ! કૃષ્ણપક્ષના પંદર દિવસસુધી બ્રહ્મચર્યવ્રત પાળવાની ગુરૂમહારાજશ્રી પાસેથી વિજયશેઠે પ્રતિજ્ઞા લીધી હતી તે વાંચનારને યાદ હશેજ. આજ મહાવદી બારશ હતી અને હજુ વિજયશેઠને પોતાના વ્રતના ત્રણ દિવસો બાકી હતા. નવિન તરત પરણેલ જોડું પ્રેમ રહસ્યનો કશો લાભ લીધાવિના પ્રથમની ત્રણ રાતો કહાડી શકે એ વીશે વાંચનારને પોતાના મનમાં કશો વિચાર ન લાવવા વિનંતી કરી વિજયશેઠની વાતતરફ ધ્યાન આપવા ખાસ વિજ્ઞપ્તિ છે. કારણ કલ્પનામાં વાનરનો ગુણ રહેલો છે.

પોતાના પિતાના ગૃહના ઉપલા માળના એક વિશાળ દિવાનખાનામાં પલંગપર બેશી વિજયશેઠ વિચારમાળાના મણકા ફેરવે છે. તમામ બારીઓ અને પાસેની અગાસીમાં જવાનું દ્વાર પણ ખુલ્લું હોવાથી મંદ મંદ મીઠી પવનની લ્હેરો ચાલી આવે છે. દિવાનખાનામાં શેઠની શ્રીમન્તાઇ મુજબ પ્રાચીન વખતમાં વપરાતું યોગ્ય ફરનિચર ગોઠવી દીધું છે. પલંગની સામેજ પલંગમાં બેઠાં બેઠાં જોઇ શકાય એવો એક મોટો અરીસો ગોઠવેલો છે કે જેથી પલંગની અંદર બેસતાંજ તેના ઉપયોગીઓ પોતાના આખા શરીરના શણગારને સહેલાઇથી સંપૂર્ણ રીતે જોઇ આલ્હાદ પામી શકે. દિવાનખાનાનું વર્ણન અને તેની શોભાની અન્ય ટાપટીપ આપતાં આ વાર્તાની સાથે તેની એક જુદીજ વાર્તા લખવી પડે એ વાત તો જુદી; પરંતુ દરેકનું નામ અને દરેકની બનાવટવાસ્તે પ્રાચીન સમયના વણકર–દરજી–સુતાર અને ચીતારાની વાર્તાથી વાકેફ થવું પડે અને વળી વિશેષ મહેનત થઇ પડે, માટે વાંચનારાઓએ પ્રાચીન સમયના એક શ્રીમન્તના દિવાનખાનાનું ચિત્ર પોતાની આગળ ખડું કરી લેવું કે જેથી લખનારને તેટલી મહેનત ઓછી પડે.

વિજયશેઠના વિચારનો અંત ન આવ્યો પરંતુ દાદર ચડતા નેપુરના અવાજે તેનું ધ્યાન ખેંચ્યું. તે વિજ્યાનો–પોતાની નવિન પ્રેમીકાનોજ અવાજ હોવો જોઇએ એમ તેણે ધાર્યું. ધારણા ખરી પડી. વિજ્યા શરમાતે શરમાતે ન્હેરે ઉપર આવી વગર બોલ્યે મ્હોડું નીચું રાખી સ્વામિનાથની સામી ઉભી

રહી. આટલા સમય પર્યંત કોઇ વખત પણ બોલવાની તક ન મળેલી હોવાથી બોલવાની પહેલ કોણ કરે તે જોવાનું હતું. શરમમાં ને શરમમાં વિજ્યાએ પોતાના હાથ જોડયા અને શરમ દૂર કરીને પ્રાણનાથને પગે પડી. વિજયશેઠે એકદમ ઉઠી પોતાના પગ પાસેથી તેને ઉઠાડી પોતાની સાથે પલંગપર બેસાડી.

વાંચનાર ! નવિન જોડું પહેલી વખત અને આટલી ઉમ્મરે જ્યારે મળતું હશે ત્યારે તેમનો પહેરવેશ કેવો આકર્ષીય હશે ? ને તેમાં વળી આ નગરશેઠનાં પુત્રવધુ એટલે તેનાં આભૂષણો અને વસ્ત્રો વીશે લખવું શું ?

ગુલાબી રેશમની ઝીણી સતારા સાથે ભરેલી કોસ્નો આકાશી રંગનો ઉડતા ઘેરવાળો ધાઘરો અને ગુલાબી સોનેરી બુટ્ટાથી ભરેલી બારીક સાડી-માંથી દેખાતો ધાઘરાનો લીલો નેફો જુદા જુદા રંગના પ્રકાશ પડવાથી ખરે-ખર મેઘધનુષની પેઠેજ શોભા આપતો હતો. તેનું ગોળમટોળ હાસ્યથી ભર-પુર, ગુલાબી ગાલોથી શોભીતું નમુનદાર મુખ ગમે તેવા કામજીતેન્દ્ર અને સમાધીમાં બેઠેલા સાધુ પુરૂષોનું પણ ભાન ભુલાવી દે તેવું હતું. તેની કુદરતિ શોભામાં તેણે પહેરેલો પોશાક વિશેષ વૃદ્ધિ કરતો હતો અને અત્યારે તે એક સ્વર્ગની રંભા સમાન પરી જેવી જણાતી હતી.

વિજયશેઠ પોતાના વૃતના ત્રણ દિવસો હજુ બાકી હોવાથી તો કામ જાગૃત ન થાય માટે કશું બોલ્યા વિના પલંગમાંજ પડી રહ્યો. વિજ્યા પતિને થાક લાગ્યો હશે જાણી પોતાના કોમળ કરથી તેની પગચંપી કરવા લાગી. તેમ કરવા વિજયશેઠે ના પાડી, તેથી વિજ્યા પ્રાણપતિ તરફ શરમાતે ચ્હેરે એક નજરથી જોઇ રહી. આંખે આંખ મળી. વિજ્યાના હૃદયમાં કામનો તણ-ખો પેઠો, ને ખુલ્લી બારીઓ વાટે આવતા મંદ મંદ પવને તે અગ્નિનું બળ વધાર્યું. ભરપુર યુવાવસ્થામાં આવેલી બાળા હવે વિચારસાગરમાં ગોથાં ખાવા લાગી. પ્રાણનાથ ! કેમ કશું બોલતા નથી ? શું હજુ તેમનો થાક નહીં ઉતર્યો હોય ? મારે હવે કાંઇપણ પતિને રંજન કરવા હોય તો ત્રણ દીવસમાંજ થઇ શકે તેમ છે. કારણ આજે કૃષ્ણ પક્ષની બારશ છે તો હજુ શુકલ પક્ષને ત્રણ દિવસની વાર છે માટે ત્રણ દિવસમાં મારાથી બને તે રીતે પતિને મા-રે સંતોષ આપવોજ જોઇએ. ત્રણ દહાડા પછી મારે બ્રહ્મચર્યવ્રત શુકલપક્ષ-ના પંદર દિવસ પાળવાનું છે તે વૃત મારે ભુલી જવું ન જોઇએ. પરંતુ પ્રા-ણનાથને શી ખબર કે રતિસુખમાટે ફકત હાલ તો ત્રણ દિવસજ છે ?

તે કેમ કશું બોલતા નથી ? માથું તો નહીં દુ:ખતું હોય ? અગર શરમના માર્યા તો આમ મુંગા નહીં બેસી રહ્યા હોય ?"—એમ વિચાર કરી છેવટ હિમ્મત ધરીને પતિને હાથ જોડી સવિનય વિનવવા લાગી—" પ્રાણનાથ ? આપને શરીરે આજ આરામ નથી શું ? માથું દાબુ ત્યો"–એમ કહી પોતાના કોમળ કરથી પતિનું માથું દાબવું પુનઃ શરૂ કર્યું.

"પ્રિયા, વિજ્યા !" હવે વિજયશેઠ બેઠા થયા અને શરમ ઓછી કરી હિમ્મતથી બોલ્યા–"હું મુંગો હતો તે સકારણજ હતું. તું આજથી મારૂં અર્ધાંગ થઈ ચુકી છું તેથી મારી છુપી વાતથી પણ મારે તને વાકેફ કરવીજ જોઇએ–સાંભળ જો હું મારૂં અંતઃકરણ તારી પાસે ખુલ્લું ન કરૂં તો મારે વિષે અન્ય વિચારો તારા મનમાં જન્મ પામે એ વાસ્તવિક છે, માટે કશા પણ વિચારો તારા કોમળ અંતઃકરણમાં જન્મ ન પામે તે પહેલાંજ હું મારૂં અંતઃકરણ તારી પાસે ખુલ્લું મુકી દઉં છું. સાંભળ–મારા સ્નેહિ મિત્ર નરસિંહલાલ–ઓળખ્યાને ? તારી સહચરિ સુમતિના પતિ–હવે ઓળખ્યા ! તેની સંગાથે મેં અહીં ગુરૂમહારાજશ્રી પધાર્યા હતા તેમની પાસે શિયળ અને બ્રહ્મચર્યનો મહિમા જાણી કૃષ્ણપક્ષના પંદર દિવસ બ્રહ્મચર્ય પાળવાની બાધા–પ્રતિજ્ઞા લીધેલી છે. આજે કૃષ્ણપક્ષની બારશ થઇ અને હજુ વ્રતના ત્રણ દિવસો મારે બાકી છે તેથી તારો હું સત્કાર કરવા પછાત પડયોછું–પરંતુ શિયળનો મહિમા તારા મનમાં લાવી ત્રણ દિવસ તે બાબત કશો વિચાર ન લાવતી."

વાંચનાર ! વિજય શેઠના મુખમાંથી નીકળેલા ઉપલા ઉદ્ગારો શ્રવણ કરતાં વિજ્યાની કેવી દશા થઇ હશે તે કહેવા કરતાં કલ્પવી વધારે સુગમ પડશે. તેની વિચારસરિતાનું પુર વધ્યું ને મનમાંજ તે વિચારવા લાગી–" આ શું ? પ્રાણનાથને કૃષ્ણપક્ષના પંદર દિવસ બ્રહ્મચર્યવ્રત પાળવાની પ્રતિજ્ઞા છે ને મારે શુકલપક્ષના પંદર દીવસ બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા છે તો હવે તો આખો મહિનો બ્રહ્મચર્યમાંજ જાય ? હવે રતિસુખ અને વિષયસુખનો તો મારે મનમાં વિચાર પણ ન લાવવો, કારણ તેથી વળવાનું શું ? રતિસુખ આ દમ્પતિને માટે નિર્માણ થયેલજ નથી. માટે હવે તે ઉશ્કેરાય એવાં એક ચિન્હ પણ મારા તરફથી અનાયાસે ન થઇ જાય તેની મારે ખુબ સાવચેતી રાખવી જોઇશે. મારે જે પ્રતિજ્ઞા છે તેથી પ્રાણનાથ અજાણ છે અને વખતે તેના તરફથી તેવાં ચિન્હો થઇ જશે તો પ્રતિજ્ઞાનો ભંગ થશે. તો મારી પ્રતિજ્ઞાનો ભંગ ન થાય માટે મારી પ્રતિજ્ઞા પણ મારે તેમને જણાવવીજ જોઇએ."

ઉપર પ્રમાણે ઉમદા વિચાર કરી તે મુગ્ધાએ હાથ જોડી પતિની સન્મુખ ઉભી રહી પોતાના વિચાર દર્શાવવા શરૂ કર્યા—"પ્રાણવલ્લભ ! જીવનઆધાર! મારા સુખદુઃખના સાથી ! આપે આપનું અંતઃકરણ મારી પાસે ખુલ્લું કર્યું તો મારે આપનાથી મારા અંતઃકરણનું બારણું બંધ રાખવું એ ઘણુંજ અયોગ્ય ગણાય, અહાહા ! સ્વામીનાથ ! શિયળ અને બ્રહ્મચર્યનો મહિમા જાણી આપે જે પ્રતિજ્ઞા કરી છે તે બહુ શ્રેષ્ટ અને સ્તુત્ય છે અને તે મારા પ્રાણધાર પ્રાણપતિએ લીધેલી હોવાથી મારે મગરૂર થવાનું છે. પરંતુ સાંભળો, આપને જણાવવા હું રજા લઉંછું કે આપની માફક મેં પણ શિયળનો મહિમા જાણી, શુકલપક્ષમાં શિયળ પાળવાનું વ્રત કરેલું છે. જેમ આપે કૃષ્ણપક્ષનું વ્રત લીધું છે તેમ મેં શુકલપક્ષનું વ્રત લીધું છે એટલે હવે વિષયસુખસંબંધી મનમાં કશો વિચાર કદી લાવવોજ નહીં. કારણ બેમાંથી એકનું વ્રત ભંગ થાય એવું આચરણ આપણા બેમાંથી એકેનું થવું ન જોઇએ." આથી તે બાળા વિશેષ બોલી શકી નહીં. વિજય શેઠ આ સાંભળી કેવા વિચારમાં પડ્યો હશે? વાંચનાર? બીજું શું? દઢ મન સાથે હવે વ્રત પાળવુંજ ને તેનો ભંગ ન થાય તેની પુરતી સંભાળ રાખવી. એક બીજાને જાણ કર્યા વગર આવી જુદી જુદી બાધાઓ લેવાઈ ગઇ તેથી પ્રથમતો યુવાવસ્થાના મદથી તેના મનમાં કાંઇક ખેદ થયો પરંતુ પછી લીધેલું વ્રત પરિપૂર્ણ કરવુંજ એવા દઢ નિશ્ચયથી તેણે પોતાની પ્રાણપ્રિયાને કહ્યું—"પ્રિયા—જે થાય તે સારાજ વાસ્તે. પ્રારબ્ધના પ્રયોગો પ્રમાણે જે થવું જોઇએ તે થઈ ચૂક્યું છે. હવે તેને માટે કશો વિપરિત વિચાર કરવાથી પણ દોષિત્ થવાય તેમ છે માટે હાલ આપણે તે વિષે કશું બોલવુંજ નહીં અને જગતનિયંતા મહાપ્રભુશ્રીજીનું ધ્યાન ધરી લીધેલી પ્રતિજ્ઞાઓમાં કશી જાતનું ભંગાણ ન પડે તેની ખાસ સાવચેતી રાખવી. આ બાબત વધારે તારા જેવી શાણીને શું કહેવું? તે બાબતનો તેં તારા મન સાથેજ યોગ્ય વિચાર રાખ્યો હશે તો હવે તે વિષે વધારે વાતચીત્ કરવા માગતો નથી. અત્યારે કામદેવનું સામ્રાજ્ય છે અને તે વખતમાં હવે વધારે વખત જાગ્રત રહેવા હું માગતો નથી. બોલ પ્રિયા ! વિચાર કરીને જવાબ આપ કે આ બાબતમાં તારો શું અભિપ્રાય છે. ?"

"પ્રિય પ્રાણનાથ" વિજયા પ્રાણપતિને અનુમોદન આપતી બોલી—"આપ જે કહો છો તે અક્ષરશઃ સત્યજ છે ને મારો પણ તેવોજ અભિપ્રાય છે તેની સાથે અલ્પમતિ પ્રમાણે મારે આપના લાભનેમાટે એવું એક કહેવાનું છે કે—

જગતમાં આપણી આ વાત પ્રકાશમાં ન આવે અને અલ્પ વિચારના માણસોને આપણી વાત ગપાટાનો વિષય ન થઇ પડે–પ્રથમ તો એજ છે કે મારે અને આપને આવું વૃત છે એવી ખબર આપનાં માતા પિતા સુદ્ધાં કોઇને પણ ન પડવી જોઇએ. કારણ એક કાનથી બીજે કાન જતાં વાતને વાર લાગતી નથી. એક જુવારના બીજમાંથી જુઓ કેટલા જુવારના દાણા પેદા થઇ શકે છે? તેમજ જો આપનાં માતાપિતાને પણ આ વાત જાણવામાં આવી તો પછી વાત વધી જશે; માટે પ્રથમ તો માત પિતાને પણ આ વાતથી તદ્દન અજાણજ રાખવાં. મારી પ્રતિજ્ઞાવિષે મારી સહચરી **સુમતિ** અને તમારી પ્રતિજ્ઞા વિષે તમારા સ્નેહી નરસિંહલાલ વાકેફગાર છે ને કદાચ તે દમ્પતિ વચ્ચે આપણી વાતનો વિષય નીકળતાં તેઓ આપણું રહસ્ય સમજે ખરાં, માટે કાલે તેમને પણ બોલાવી આ વાત બીજા કોઇને મોઢે ન કહે એવો બંદોબસ્ત કરવો યોગ્ય છે. સુમતિને આ બાબતની મેં પ્રથમથીજ યોગ્ય ભલામણ કરી છે. વિશેષમાં જો કે આપણે મહાવૃતધારી છીએ તોપણ અત્યારે બીછાનું આ એક પલંગજર રાખવો. જો કે વૃતના સંબંધમાં તેમ કરવું અયોગ્ય છે છતાં ઘરના નોકર ચાકર અને બીજા માણસોથી આપણી વાત છુપી રાખવા આપણે આમ કરવું વધારે આવશ્યક છે. ભલે એકજ બીછાના-પર આપણે બન્ને વૃતધારીઓ પોઢીશું તોપણ આપણે આપણાં મનને કબજે રાખી સદા સદાચારથી ચાલીશું તો તે વૃતનું રક્ષણ વીર ભગવાન જરૂર કરશેજ. મનરૂપી ચકોર અશ્વની લગામ જોરથી ખેંચી રાખવી એ આપણું બન્નેનું કામ છે અને તેમાં વધારે ચાલાક થવા હમેશ આપણે પ્રયત્ન ચાલુ રાખવો. જો આ અશ્વને કબજે કરી લીધો તો પછી કામદેવના તિવ્ર બાણોનું આપણાપર કશું જોર ચાલવાનું નથી. મારી અલ્પમતિ મુજબ મેં આપને મારો ક્ષુદ્ર અભિપ્રાય દર્શાવ્યો છે. પ્રાણપતિ આપ તેનો અવશ્ય સ્વીકાર કરશો એવી આશાથીજ."

"વાહ ! શિયળવંતી પ્રિયા!" વિજયશેઠ વિજ્યાનો વાંસો થાબડતા બોલ્યા, "શાબાશ છે. મને જોઇએ તેવીજ ઇશ્વરે અર્ધાંગના મેળવી આપી છે. વૃતના સંબંધમાં તારી સુચનાઓ ઘણી ઉમદા છે ને તે પ્રમાણે વર્તવા હું હમેશ તજવીજ કરીશ. ધન્ય છે તને ! પુરૂષો કરતાં સ્ત્રીઓમાં કામનો જુસ્સો વિશેષ હોય છે છતાં તેને વશ કરીને તેં સાધ્વીપણું બતાવી આપ્યું છે તેથી મારી અર્ધાંગનાના સંબંધમાં મારે મગરૂર થવાનું છે. વિશેષ એટલો પણ નિશ્ચ

આપણે અત્યારથીજ કરી રાખવો જોઇએ કે જ્યારે આ વાતથી આપણી નગરીના લોકો વાકેફગાર થાય કે તરત આપણે આ ફાની દુનિયાનો ત્યાગ કરી, દુર્લભ મનુષ્યજન્મનું સાર્થક કરવા સદ્દગુરુની સોધ કરી સંસારનો ત્યાગ કરી દેવો.”

અહા ! શી મહત્તા ? વિજ્યા તરફથી આ ત્રીજી પ્રતિજ્ઞાને અનુમોદન મળતાં તે પસાર થઇ. રાત્રી વધારે થવાથી શિયળની મહત્તા વીશે ઉમદા વિચાર કરતું કામજીતેન્દ્ર આ યુગ્મ આખરે નિદ્રાદેવીને સ્વાધીન થયું.

વાંચનાર ? તમો દરેક તમારા સ્વતંત્ર મનથી આ દમ્પતિ વીશે તમારા મનમાં અભિપ્રાય બાંધજો.

અર્વાચીન સમયમાં બ્રહ્મચર્યની મહત્તાને સમજવાવાળુ આવું એક દમ્પતિ કોઈ પણ વાંચનારના ધ્યાનમાં હશે ? લખનાર તો ન ધારી શકે. અહા ! હાલના મદથી મત્ત થયેલા યુવાનોને જો આવા વ્રતવાળી પત્નિ મળી હોય તો તેઓ તરતજ બીજી કરવા જરા પણ પછાત નજ પડે. ઘરમાં એક બેઠી હોય ત્યારે બીજી કરવા આજના યુવાનોને ઘેલું લાગ્યું છે તો પછી આવી સ્થિતિમાં તેઓ બીજી સ્ત્રી કર્યા વિના રહેજ કેમ ? શિયળનો મહિમા આજના યુવાનો શું સમજે ? આજકાલની બાળાઓ પણ આવા શીયળને કયાંથી સમજે ? આ તો પ્રાચીન દૃષ્ટાંત છે ને કામજીતેન્દ્ર મનને કેવી રીતે કબજે રાખી શકે છે તે બતાવી આપવાનું સાધન છે. વાચકો ઉત્સુક થશો નહીં.

એકજ આસન—બીછાના ઉપર ભાઇ બેનનો સંબંધ જાળવી રાખતું આ દમ્પતિ પોતાના દિવસો આનંદથી નિર્ગમન કરવા લાગ્યું. વખતને જતાં વાર શી ? પરણ્યાને એક વર્ષ થઇ ગયું અને હજી પુત્રવધુને સીમન્ત ન આવ્યું તેથી વિજય શેઠની મા બહુ ફીકરમાં રહેવા લાગી. બાધાઓ અને અનેક નિયમો તેણે લેવા શરૂ કર્યા. આ વાત જયારે કામજીતેન્દ્ર દમ્પતિના જાણવામાં આવી ત્યારે વિજયાએ દીનતાથી પોતાના પતિને વિનંતી કરીઃ—“ હે પ્રાણનાથ ? આપની માતા આપણને સંતાન થાય વાસ્તે બહુ વ્રતો કરે છે અને તે સંતાનની ખોટ મારા તરફથી પુરી થવાનો સંભવ પણ નથી માટે આપને હાથ જોડી આપનાં માતુશ્રી ખાતર હું વિનંતી કરૂંછું કે આપ બીજી કોઇ કન્યાને પરણો અને તેથી આપની માતાનું મન સંતોષો. આવા કારણોથી બીજી સ્ત્રી પરણવામાં શાસ્ત્રો તરફથી કશો દોષ નથી. માટે હે પ્રાણાધાર ! હું ખાસ આગ્રહથી કહુંછું કે આપ હવે બીજી કન્યાને પરણો, હું ખુશીથી રજા

આપુંછું. હું તેને એક મારી બ્હેન તરીકે રાખીશ. તે બાબતનો કશો અન્ય વિચાર આપે મનમાં પણ ન લાવવો. માટે હવે મારી વિનંતી સ્વીકારો."

"હે ! શિયળવતી !" વિજયશેઠે જવાબ આપ્યો "આ વચનો તારૂં કુલિનપણું બતાવી આપવા પુરતાં છે. હવે બીજી સ્ત્રી ! એ તું શું બોલે છે ? આ જીંદગીમાં હવે જેટલી સ્ત્રીઓ તેટલી મારી બ્હેન અને માતાઓજ છે. હું મારા મનનો દૃઢ નિશ્ચય હવે કદી ફેરવવાનો નથીજ. બે સ્ત્રીઓ પરણે તેને પુત્ર થાયજ એવું કાંઇ નિર્માણ નથી. માટે તે બાબત હવેથી મારી પાસે કશી વાત નજ કરવી. જેવી તું શિયળવતી એવોજ હું છું. હું મારા મનનો નિશ્ચય ફેરવવાનોજ નથી."

વિજ્યાએ ઘણો ઘણો આગ્રહ કર્યો છતાં વિજયશેઠ એકના બે થયા નહીં અને અંતે તે વાત બંધ પડી.

કામને જાગૃત કરવાવાળી અનેક ઋતુઓમાં પણ આ બન્ને એકજ બીછાનામાં શયન કરતાં અને ભાઇ બેનનો સંબંધ જાળવતાં. આવી સ્થિતિમાં બાર વર્ષ નીકળી ગયાં. વિજયશેઠની મા સંતાન વાસ્તે બીજી સ્ત્રી પરણવા વધારે આગ્રહ કરવા લાગી; પરંતુ વિજયશેઠનો તત્ સંબંધીનો દૃઢ નિશ્ચય જાણી તેણે તે વાત પડતી મુકી અને હજુ પણ પોતાની હયાત વધુને કાંઇ સંતાન થાય માટે પોતાના વૃત-નિયમ ચાલુ રાખ્યા.

આ વાતની કોઇને ખબર પડીજ નહીં. પરંતુ તે વખતના ધ્યાનીઓ અને યોગીઓ ત્રિકાળ જ્ઞાની હતા, આવા જ્ઞાનવાળા એક મુનીશ્રી દક્ષિણ દેશમાં વીચરતા હતા તેમણે ધર્મબોધ આપતાં શિયળની બાબતમાં એક વખત અનાયાસે શ્રોતાજનોને વિજયશેઠ અને શેઠાણીની વાત કહી બતાવી જે સાંભળી શ્રોતાજનો ઘણાજ ખુશી થઇ ગયા. તેમાંના કેટલાકે ખુશીથી કૌસમ્બી નગરીમાં જઇ આ જોડાના દર્શનનો લાભ લેવા ઇચ્છા બતાવી. સદ્ગુણી મનુષ્યો સદા વંદનીયજ છે. વિમળકેવળીમુનીશ્રીએ કહેલી આ વાતનાં જીવતાં પાત્રોનું શુભ દર્શન કરવા જીનદાસ નામના એક ગૃહસ્થે સંઘ કહાડ્યો. સંઘ કેટલેક દીવસે કૌસમ્બી નગરીએ પહોચ્યો.

વાંચનાર ? કેટલીક વાતો એવી હોય છે કે જે શહેરમાં તે વાત બનેલી હોય છે તે શહેરના લોકો પણ જે વાત ન જાણતા હોય તે બહારના લોકો જાણી જાય છે. આ બાબતમાં પણ તેમજ બન્યું હતું. કૌસમ્બી નગરીમાં આવી પ્હોંચી એકદમ જીનદાસ નગરશેઠને ત્યાં ગયો નહીં. વિમલકેવલી

તરફથી તેને તે બાબત કેટલીક ભલામણ કરવામાં આવી હતી અને તે પ્રમાણેજ વર્તવા તેણે પોતાના મનસાથે દૃઢ નિશ્ચય કર્યો હતો. પ્રથમ બહાર મોટા ગંજાવર તંબુ તણાવી સંઘના માણસોએ તેમાં ઉતારો કર્યો. સંઘની બાબત વિષે તેવા સંઘમાં ભાગ લેનારાઓ પાસેથી સાંભળવું વધારે સારૂં છે. ધર્મસ્થાનક વીગેરે જગ્યોએ દર્શન વીગેરે કરી બીજે દીવસે તેણે નગરશેઠ આદી અન્ય શેઠીઆઓને મળી એક ધર્મજમણ-ગચ્છ કરવા પોતાની ઇચ્છા જણાવી તેમાં એવી કબુલાત લેવરાવી જે દરેક જૈનધર્મી જમવા આવે. સાંજ પડી અને ગામની બહાર જમવા આવનાર લોકોનાં ટોળેટોળાં એકઠાં થવા માંડયાં. વિમલકેવલીના કહેવાથી જીનદાસે પોતાના તંબુ ઉપર એક શ્યામ ધ્વજા રખાવી હતી તેનું કારણ વિમલકેવલીએ એમ દર્શાવ્યું હતું જે જ્યારે વિજયશેઠનું આવાગમન તમારા તંબુની નજદીક થશે ત્યારે તે શ્યામ ધ્વજા શ્વેત થઇ જશે. ગામના મુખ્ય શેઠીઆએ જ્યારે જમવા આવેલા લોકો બધા આવી ગયા જાણ્યા ત્યારે પીરસવાનું શરૂ કરવાની જીનદાસને આજ્ઞા કરી. જીનદાસે જવાબ આપ્યો-"થોભો હજુ કોઇક માણસ શહેરમાં બાકી છે માટે તપાસ કરાવો. તમામ માણસો આવી ગયા પછીજ પીરસવાનું શરૂ થશે." વળી ગામમાં બે ચાર જણા દોડતા ગયા અને એવો જવાબ લઇ આવ્યા કે નગરશેઠના દીકરા વિજયશેઠ અને તેની પત્નિ વિજ્યા સિવાય ગામમાં બીજું કોઇ હવે જૈનધર્મી રહ્યું નથીજ" જીનદાસે નગરશેઠને વીનંતી કરી "આપ તેમને અહીં બોલાવો તે વિના પીરસવાનું શરૂ થઇ શકે તેમ નથી." નગરશેઠે જુવાબ આપ્યો "અરે તેઓ કયાંઇ પણ જમવા જતાં નથી અને બપોરના ત્રણ પછી ઘર બહાર પણ નીકળતાંજ નથી માટે તેઓ નહીં આવે તેથી તમો પીરસવાનું શરૂ કરો." સર્વ માણસો બેસી રહ્યાં હોવાથી નગરશેઠ ઘેર ગયા ને પુત્રને સમજાવવા લાગ્યા જે "દૂર દક્ષીણમાંથી જીનદાસ નામના શ્રાવકે ગચ્છ જમાડવો શરૂ કર્યો છે. તારી હાજરી સિવાય તે પીરસવું શરૂ કરવા ના કહે છે માટે તમારે દમ્પતિને જમવું ન હોય તોપણ ત્યાં તો અવશ્ય આવીજ જાઓ." પિતાના આગ્રહ અને સર્વ જમનારાઓની સુગમતા ઉપર વિચાર કરી વિજયશેઠ અને વિજ્યા મ્યાનામાં બેસી તંબુ પાસે આવ્યાં. શ્યામ ધ્વજા શ્વેત થઇ ગઇ. જીનદાસ તથા સંઘમાં આવેલા અન્ય શ્રાવકો આ દમ્પતિને નમ્યા ને તેઓના જીવનનું સાર્થક સમજવા લાગ્યા. જમવા આવેલા લોકો આ જોઇ વિસ્મય થયા-વિજયશેઠ પોતાના મનમાં સર્વ વાત સમજી ગયા

કે મારી વાત છતી થઇ ગઇ છે ને હવે હું દુનિયામાં ઝાઝો વખત રહેવાનો પણ નથી.

"અરે જીનદાસ" વિજયશેઠ જીનદાસને પોતાના પગ પાસેથી ઉભા કરતા બોલ્યા-"આમાં મેં વિશેષ શું કર્યું છે કે હું આપને વંદનીય થઇ પડયો છું" જીનદાસ હવે મુંગો રહે કે?-સર્વના સાંભળતા તેણે કહ્યું "અહો! વિજયશેઠ તમે તમારી જીંદગીનું સાર્થક કર્યું છે ને તેથી અમો આપને હજારો વખત વંદીએ છીએ. વિમળકેવલીના મુખથી આપના શિયળ વિષેનો મહિમા જાણી રસ્તાનાં અનેક સંકટો સહન કરી આપના દર્શનઅર્થેજ અમો અત્રે આવેલા છીએ, હવે અમારો શ્રમ સફળ થયો. અહાહા! કાજળની કોટડીમાં પ્રવેશ કરી જરા પણ ડાઘ લગાડયા વિના તેમાંથી બહાર નીકળવું આપ જેવા વીરલાઓજ કરી શકે. એક આસને સુઇ ભાઈ બેનનો સંબંધ આપજ જાળવી શકો અને ઓછી બુદ્ધિના લોકોના કહેવા પ્રમાણે શુદ્ધ સાચા હીરાનો ત્યાગ કરી કાચ આપજ ગૃહણ કરી શકો. ધન્ય છે આપનાં માત પિતાને! ધન્ય છે જે દેશમાં તમારો જન્મ થયો તેને! ને ધન્ય છે અમારા જેવા શ્રાવકોને કે જેણે તમારા દર્શનનો લાભ લઇ જન્મનું સાર્થક કર્યું."

નગરીના સર્વ લોકો વાહ વાહ કરવા લાગ્યા. જમણ પુરૂં થયું અને પછી આ કામજીતેન્દ્ર દમ્પતિએ પોતાની પ્રતિજ્ઞાપૂર્વક એકજ ઘડીએ આ સસારનો ત્યાગ કરી સંયમ ધારણ કરવા, સાધુ સાધ્વીના પોશાક પહેર્યા ને તે રાત્રી નગરીમાં ન આવતાં ત્યારથી બહારજ રહ્યાં, અને તપ વીગેરે કરી જન્મનું સાર્થક કરી પોતાનું નામ આ દુનિયામાં અમર કરી તેઓ કાળાંતરે સ્વર્ગને શોભાવવા આ ફાની દુનિયાનો ત્યાગ કરી ગયાં.

સુજ્ઞ વિવેકી વાંચનાર! આ વાર્તા શું ઓછી શીખામણ લેવા લાયક છે? મનને કબજે રાખવાની આ ઉપરથી શું ઓછી શીખામણ મળે છે? કામને જીતવા પુરૂષો સમર્થ છે કે નહીં તે આ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય છે.

આ વાર્તામાં વર્ણન કરવામાં આવેલ શીયળની મહત્તા મનમાં લાવી વાંચનાર મહિનાના અમુક દીવસો પણ જો બ્રહ્મચર્ય પાળી શકશે તો લખનારની મહેનતનો કેટલોક બદલો મળ્યો એમ લેખક ધારશે.

(સંપૂર્ણ.)

नवीन आवृत्ति. | क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूपं रमणीयतायाः | सोंघामां सोंघुं.

નામાંકિત વિદ્વાન અને અનુભવી
ગુર્જર સાક્ષરોની કસાયલી
કલમથી લખાતું માસિક,

વાર્તાવારિધિ

અને

સરસ્વતી.

પ્રયોજક,
ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ,
અમદાવાદ.

વાર્ષિકઉપહાર,
રૂ. ૨-૦-૦ અગાઉથીજ.
(પોસ્ટેજ ૦-૬-૦.)

વાર્તા- સાહિત્ય- ગૃહ- રાજ્ય ધર્મ કલા- કૌશલ્ય- શોધ- શાસ્ત્ર વગેરે- વિષયો ચર્ચાવતું ગુજરાતમાં એકજ માસિક.

દર માસે ૮૦ પૃષ્ઠ વાંચન ગુજરાતમાં આવું માસિક આ એકજ વાર્તા- વારિધિ અને સરસ્વતી છે.

મ્હોટામાં મ્હોટું અને સોંઘામાં
સોંઘું ગુજરાતમાં આજ
માસિક છે.

મ્હોટામાં મ્હોટું.

મ્હોળા વિસ્તારવાળું.